VOICE OF VADODARA
WEEKLY NEWSPAPER

RNI No. : GUJGUJ/2018/77001

વડોદરા થી દર મંગળવારે પ્રસિધ્ધ થતું અખબાર

# વોઈસ ઓફ વડોદરા

પ્રજાના પ્રશ્નોને વાંચા આપતું અગ્રીમ સાપ્તાહિક

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISHAR MAHENDI

VOICE OF VADODARA

•તંત્રીઃ ઘડિયાળી મુમતાઝ નિસાર મહેંદી • વર્ષ - ૦૭ • અંક નં.૨૮ • તારીખઃ ૧૭-૦૬-૨૦૨૫, મંગળવાર • મો. ૯૨૭૪૫૯૭૩૩૪ • કિંમતઃ ૧.૦૦ પાના -૪ • વાર્ષિક લવાજમ રૂ.૧૦૦

રજી. ઓફિસ એ-૧૫ રાજીવ આવાસ, જે.પી. પોલીસ સ્ટેશન, તાંદલજા, વડોદરા-૩૯૦૦૧૨, ગુજરાત

ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધીન

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISAR MAHENDI ■ YEAR : 07 ■ ISSUE : 28 ■ PAGE : 04 ■ PRICE RS.1.00 ■ DATE : 17-06-2025 TUESDAY ■ M. 9274597334 ■ WWW.VOVNEWS.IN
REGISTERED OFFICE : A-15 RAJIV AAVAS, NEAR J.P. POLICE STATION, TANDALJA VADODARA, 390012 (GUJARAT), VOICEOFVADODARA786@GMAIL.COM

# બ્લેક સન્ડેઃ કેદારનાથ પાસે હેલિકોપ્ટર ક્રેશ, પૂણેમાં બ્રિજ પડ્યો

## ચારધામ માટેની હેલિકોપ્ટર સેવાઓ બે દિવસ માટે સ્થગિત કરાઈ : નબળી વિઝિબિલિટી છતાં ઉડાન ભરી હોવાની શક્યતા

ઉત્તરાખંડમાં કેદારનાથ મંદિરથી યાત્રાળુઓને લઈ જતું એક હેલિકોપ્ટર રવિવારે વહેલી સવારે ગૌરીકુંડના જંગલોમાં ક્રેશ થતાં તેમાં સવાર તમામ સાત લોકોના મોત થયા હતાં. 30 એપ્રિલે ચારધામ યાત્રા શરૂ થયા પછી યાત્રા રૂટ પર પાંચમો હેલિકોપ્ટર અકસ્માત છે. આ હેલિકોપ્ટર દુર્ઘટનાને પગલે ચારધામ માટેની હેલિકોપ્ટર સેવાઓ બે દિવસ માટે સ્થગિત કરાઈ હતી. અમદાવાદમાં 12 જૂને ભયાનક વિમાન દુર્ઘટના પછી દેશમાં વધુ એક હવાઈ દુર્ઘટના સર્જાઈ હતી.

ખાનગી કંપની આર્યન એવિએશ સંચાલિત બેલ 407 હેલિકોપ્ટરમાં પાંચ યાત્રી, એક શિશુ અને એક ક્રૂ મેમ્બર સવાર હતાં. હેલિકોપ્ટર ગુપ્તકાશીથી સવારે 05:10 વાગ્યે ઉડાન ભરી હતી અને 05:18 વાગ્યે શ્રી કેદારનાથજી હેલિપેડ પર ઉતર્યું હતું. હેલિકોપ્ટર ફરીથી 05:19 વાગ્યે ગુપ્તકાંશી માટે ઉડાન ભરી અને ગૌરીકુંડ નજીક ક્રેશ થયું હતું. ખરાબ હવામાનને કારણે ઝીરો વિઝિબિલિટી કારણે હેલિકોપ્ટર કેદારઘાટીમાં ગૌરીકુંડ અને ત્રિજુગીનારાયણ વચ્ચે ક્રેશ થયું હતું અને તેમાં આગ લાગી હતી. મૃતકોમાં પાયલટ ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશ યાત્રીઓ હતાં.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે ચાર ધામ યાત્રા માટે આર્યન એવિએશનની સેવા સ્થગિત કરાઈ છે. પ્રાથમિક તપાસમાંથી સંકેતો મળે છે કે સંભવિત કારણ કંટ્રોલ્ડ ફ્લાઈટ ઈનટુ ટેરેન (CFIT) હોઈ શકે છે, કારણ કે ખીણના પ્રવેશ વિસ્તારમાં નબળી વિઝિબિલિટી અને વાદળછાયું વાતાવરણ હોવા છતાં હેલિકોપ્ટર હવામાં ઉડ્યું હતું. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)ની વિગતવાર તપાસ પછી દુર્ઘટનાનું ચોક્કસ કારણ જાણી શકાશે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપ્યો હતો અને ચારધામ યાત્રા રૂટ પર હેલિકોપ્ટર સેવા બે દિવસ માટે સ્થગિત કરી હતી.

30 એપ્રિલે ચારધામ યાત્રા શરૂ થયા પછી યાત્રા રૂટ પર પાંચમો હેલિકોપ્ટર અકસ્માત છે. 8મેએ ઉત્તરકાશી જિલ્લામાં ગંગોત્રી ધામ જઈ રહેલું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું અને તેમાં છ લોકોના મોત થયાં હતાં. 7 જૂનના રોજ, કેદારનાથ જઈ રહેલા એક હેલિકોપ્ટરને ટેકઓફ કર્યા પછી તરત જ ટેકનિકલ ખામીને કારણે રસ્તા પર જ ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું, જેમાં પાયલોટ ઘાયલ થયો હતો પરંતુ તેમાં સવાર પાંચ શ્રદ્ધાળુઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતાં. 12 મેના રોજ બદ્રીનાથથી સેરસી પરત ફરી રહેલા હેલિકોપ્ટરે ઉખીમઠના એક શાળાના ના મેદાનમાં ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. તમામ યાત્રાળુઓ સુરક્ષિત હતાં. 17 મેના રોજ ઉત્તરાખંડમાં કેદારનાથ હેલિપેડ નજીક AIIMS ઋષિકેશથી આવતી એક હેલિકોપ્ટર એમ્બ્યુલન્સ ક્રેશ-લેન્ડ થઈ ગઈ હતી. સદનસીબે વિમાનમાં સવાર ત્રણેય મુસાફરો એક ડૉક્ટર, એક પાઈલટ અને એક મેડિકલ સ્ટાફ સુરક્ષિત બચી ગયા હતાં. 15 જૂનનો દિવસ દેશ માટે બ્લેક સન્ડે પૂરવાર થયો હતો. દેશમાં કેદારનાથ પાસે હેલિકોપ્ટર ક્રેશ પછી મહારાષ્ટ્રમાં બ્રિજ તુટી પડવાની ઘટના બની હતી તો વરસાદમાં સંલગ્ન ઘટનાઓમાં અનેક લોકોનાં મોત થયા હતા. કેદારનાથમાં સાત લોકોનાં મોતથી કરૂણાંતિકાની શરૂઆત થઈ હતી. રવિવારે અનેક સ્થળોએ અકસ્માતો પણ સર્જાયા હતા.



# પૂર્વ CM વિજય રૂપાણીના રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર




પૂર્વ મુખ્યમંત્રી અને પંજાબ ભાજપના પ્રભારી વિજય રૂપાણીના પૂરા રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર સોમવારે મોડી સાંજે રાજકોટ ખાતે કરાયાં હતા. . ૧૨ જૂનના રોજ દીકરીને મળવા માટે લંડન જઈ રહેલા રૂપાણીનું એર ઈન્ડિયા પ્લેન ક્રેશ દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. સ્વ. રૂપાણીના પાર્થિવદેહના DNA સેમ્પલ મેચ થયા હોવાની પુષ્ટી સિવિલ હોસ્પિટલ સત્તાધીશોએ કરી છે. સોમવારે સવારે ૧૧.૩૦ વાગે સ્વ. રૂપાણીના ધર્મપત્ની અંજલિબેન તથા પુત્ર ઋષભ સહિતના પરિવારજનો અમદાવાદ સિવિલ હોસ્પિટલથી પાર્થિવદેહનો સ્વીકાર કરી સીધા અમદાવાદ એરપોર્ટ ખાતે તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રીમંડળના સભ્યો, ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સહિતના વરિષ્ઠ નેતાઓ પણ જોડાયા હતા. . રાજકોટ એરપોર્ટથી સ્વ.રૂપાણીની પાર્થિવદેહને ગ્રીન લેન્ડ ચોકડી ખાતેથી પ્રકાશ સોસાયટી સુધી વિવિધ માર્ગો પર અંતિમ દર્શન માટે વિશેષ રૂપથી તૈયાર કરાયેલા વાહનમાં ગોઠવીને અંતિમ યાત્રા યોજાશે.

સ્વ. રૂપાણીના પત્ની અંજલિબેન લંડન ખાતે રહેતી દીકરી અને જમાઈ સાથે રહેવા ગયા હતા. આથી ૧૨ જૂનના રોજ સ્વ.વિજયભાઈ પણ દીકરી સાથે થોડો સમય રહી પત્ની સાથે પરત આવવાના આયોજન સાથે લંડન જવા માટે એર ઈન્ડિયાની IC 171 ફ્લાઈટમાં બેઠા હતા. આ કમનસીબ ફ્લાઈટ ટેક ઓફ થતા જ ગણતરીની સેંકડોમાં જ દુર્ઘટનાગ્રસ્ત થઈ મેઘાણીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલ મેસ બિલ્ડિંગ પાસે તૂટી પડી હતી. જેમાં પ્લેનના ક્રૂ મળી કુલ ૨૪૧ લોકોના મૃત્યુ થયા હતા. આ ઉપરાંત રેસિડેન્ટ ડોક્ટર્સ તથા તેમના પરિવારજનો, સ્થાનિક લોકો મળી ૨૭૫થી વધુ લોકોના મૃત્યુ થયા છે.

## મંગળવારે રાજકોટ અને ગુરુવારે ગાંધીનગરમાં પ્રાર્થનાસભા યોજાશે

**પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીની પ્રાર્થનાસભા રાજકોટમાં ૧૭ જૂનને મંગળવારે બપોરે ૩થી સાંજે ૬ વાગે તેમજ ૧૯ જૂનને ગુરુવારે સવારે ૯થી બપોરે ૧૨ વાગ્યા દરમિયાન હેલિપેડ ગ્રાઉન્ડ, સેક્ટર ૧૭, ગાંધીનગર ખાતે આવેલા એક્ઝિબિશન હોલ-૧ ખાતે યોજાનાર છે. આ ઉપરાંત ૨૦ જૂનના રોજ પ્રદેશ ભાજપ દ્વારા કમલમ કાર્યાલય, કોબા ખાતે પણ સાંજે ૪થી ૬ વાગ્યા દરમિયાન પ્રાર્થના સભા યોજાશે.**

હાલ જેમના પાર્થિવદેહ-અવશેષ મળ્યા છે તેમના માતાપિતા, સંતાનો, ભાઈ અથવા બહેનના ડીએનએ કલેક્ટર કરી મેચ કરવાની કામગીરી થઈ રહી છે.

સોમવારે બપોરે સ્વ.રૂપાણીના પાર્થિવદેહના ડીએનએ સેમ્પલ થકી ઓળખ સ્થાપિત થયાની સિવિલ હોસ્પિટલ દ્વારા અધિકૃત જાહેરાત કરાઈ હતી. રાજકોટમાં બપોરે ૨.૩૦ વાગ્યાથી ૪ વાગ્યા દરમિયાન ગ્રીન લેન્ડ ચોકડીથી વિવિધ માર્ગો પરથી પાર્થિવદેહને જાહેર જનતા અંતિમ દર્શન કરી શકે અને પુષ્પાંજલિ અર્પણ કરી શકે તે માટે સમગ્ર શહેરમાં અંતિમયાત્રા કાઢશે. ૪ વાગે પ્રકાશ સોસાયટી ખાતે અંતિમ દર્શન માટે રખાશે. ત્યારબાદ નિવાસસ્થાનેથી ફરીથી અંતિમ યાત્રા રામનાથ અંતિમધામ પહોંચશે.

# 15 હજાર નાગરિકે આજેય પીવાનું પાણી GSFCના 4 નળથી ભરીને લાવવું પડે છે



રાજ્ય સરકાર દ્વારા જલ સે નલ યોજના અંતર્ગત ઘરે-ઘરે પાણી પહોંચાડવાનો દાવો કરાય છે. જેની બીજી તરફ દશરથમાં 76 વર્ષથી 15 હજાર લોકોને પીવાના પાણી માટે રઝળપાટ કરવી પડે છે. પંચાયત દ્વારા ઘરોમાં અપાતા પાણીમાં ટીડીએસ 2 હજાર હોવાથી લોકો પી નથી શકતા. જેથી જીએસએફસી કંપનીએ લગાવેલા 4 નળથી પાણી ભરવા ગામવાસીઓને રોજેરોજ કેરબા લઈને જવાનો વારો આવે છે.

દશરથના અગ્રણી હરેન્દ્રિસિંહ ખેરે કહ્યું કે, વીસેક વર્ષ પહેલાં ગામની વાવમાંથી લોકોને પીવાનું પાણી અપાતું હતું. તે પછી ટાંકી બનાવીને પાઈપ લાઈન નાખી પાણી અપાતું હતું. જોકે આ પાણીમાં ટીડીએસનું સ્તર 2 હજાર જેટલું છે. આ પાણી ક્ષારવાળું હોવાથી લોકો પી શકતા નથી. 40 વર્ષથી પીવાના પાણી માટે ગામ લોકોને 35 લિટરનાં કેરબા લઈ જીએસએફસી ટાઉનશિપમાં જવું પડે છે.

જીએસએફસી કંપની દ્વારા ભાગોળે 4 નળ મૂકી પાણીની વ્યવસ્થા કરી હતી. જોકે વારંવાર રજૂઆતો કરવા છતાં સરકારે ઉકેલ માટે કોઈ પગલાં લીધાં નથી. હવે જીએસએફસી દ્વારા પાણીમાં 3 કલાકનો કાપ મૂકાતાં લોકોની હાલત કફોડી થઈ રહી છે.

દશરથને મહીસાગરનું પાણી મળે તે માટે નવો સંપ બનાવવામાં આવ્યો છે. આ સંપનું જીઈબીનું કનેક્શન મળતાં જ પાણી મળતું થઈ જશે. જ્યારે જીએસએફસી પાસે નોટીફાઈ ગ્રાંટ છે, જેને કંપની વાપરતી નથી. આ અંગે મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. આ ગ્રાંટમાંથી દશરથ ગામમાં નવી ટાંકી, નવો સંપ અને નવી પાઈપ-લાઈન બની શકે છે, તે અંગે પણ મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. » ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ધારાસભ્ય, વાઘોડિયા દશરથના રહીશોએ કહ્યું કે, પાણીની સમસ્યાને પગલે લગ્નવાંચ્છુક યુવાનોને દીકરી મળવામાં તકલીફ પડે છે. જ્યારે તળાવો પણ મરણ પથારીએ છે. તળાવોને પૂરી ગેરકાયદે બાંધકામ ઊભાં કરાયાં છે. જ્યાં પાણી ભરવા લોકો જાય છે ત્યાં પણ અસહ્ય ગંદકી છે. આજે અંતરિયાળ ગામોમાં પણ પીવાનું પાણી પહોંચ્યું હોવાના દાવા કરાય છે.

# AIની ફ્લાઈટમાં ફસાયેલા મુસાફરોને 5 કલાક સુધી ખાવા-પીવાનું ન મળ્યું

## દુબઇ-જયપુરની ફ્લાઇટ ટેકનિકલ ખામીને મોડી પડી, AC પણ બંધ હતુંઃ મુસાફરોએ પીડા વર્ણવી

એર ઈન્ડિયા એકક્સપ્રેસની વધુ એક બેદરકારી સામે આવી છે. દુબઈથી જયપુર જઈ રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં ટેકનિકલ ખામીને લીધે મુસાફરોને લગભગ પાંચ કલાક સુધી વિમાનમાં જ બેસી રહેવું પડ્યું હતું. આ દરમિયાન એર કન્ડીશનર(એસી) ચલાવવામાં આવ્યું નહીં અને યાત્રીને પીવાનું પાણી કે ખાવાનું પણ આપવામાં આવ્યું નહીં. સોશ્યલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

આ ઘટના 13મી જૂનની છે. એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નંબર આઈએક્સ-196એ દુબઈથી સાંજે 7-25 કલાકે જયુપર માટે ઉડાણ ભરવાની હતી. પરંતુ ટેકનિકલ ખામીને લીધે વિમાન નિયત સમય પર ટેકઓફ કરી શક્યું નહીં. ફ્લાઈટની અંદર લગભગ 150થી વધુ મુસાફરો ફસાયેલા રહ્યા હતા. પાંચ કલાકથી વધુ સમય સુધી વિમાનમાં એસી બંધ રહ્યું, જેના કારણે મુસાફરોને ખૂબ પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

ફ્લાઈટમાં ફસાયેલા મુસાફરોએ જણાવ્યું કે પાંચ કલાક સુધી રાહ જોઈ પરંતુ પાણી પણ આપવામાં આવ્યું નહીં. ખાવા-પીવાની કોઈ ચીજવસ્તુ પણ આપવામાં આવી નહીં. પરેશાન મુસાફરોએ એર ઈન્ડિયા એક્સપ્રેસની બેદરકારીને લઈને નારાજગી વ્યક્ત કરી અને આ બાબતને યાત્રીઓની સુરક્ષામાં ગંભીર ચૂક ગણાવી હતી. આ ફ્લાઈટ લગભગ સવા પાંચ કલાક મોડી જયપુર પહોંચી હતી. લાંબ સમય સુધી રાહ જોવડાવ્યા પછી ટેકનિકલ ખામી દૂર થઈ અને મોડી રાત્રે 12-44 કલાકે ફ્લાઈટ દુબઈથી રવાના થઈ હતી.

ફ્લાઈટ 13-14 જૂનની રાત્રે 2-44 મિનિટે જયપુર એરપોર્ટ પહોંચી હતી. આ વિલંબને પગલે મુસાફરોને માનસિક અને શારીરિક પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. આમ, એર ઈન્ડિયા એક્સપ્રેસની ફરી એક વાર બેદરકારી સામે આવી છે.

# સોમા તળાવ સહિત નવા બનતા બ્રિજ મુશ્કેલીના સેતુ બન્યા,રસ્તા સાંકડા થતાં રોજેરોજ ચક્કાજામ

શહેરમાં ઠેર ઠેર ખોદાયેલા રસ્તા તેમજ નવા બની રહેલા બ્રિજના કારણે રસ્તાઓ સાંકડા અને ટ્રાફિકથી ભરચક બન્યાં છે. જેના કારણે લોકોને ઓફિસથી નિકળી ઘરે આવતા 15 થી 30 મીનીટ જેટલો સમય વધુ લાગી રહ્યો છે. આ સમસ્યાને પહોચી વળવા માટે વડોદરા ટ્રાફિક પોલીસ દ્વારા સાંજે પીક અવર્સમાં ટ્રાફિક બ્રિગેડના કર્મચારીઓને દરેક ચાર રસ્તા પર ટ્રાફિક નિયમન કરવા મુકવામાં આવી રહ્યાં છે.

શહેરના ચારેય ઝોનમાં હાલ પાલિકા દ્વારા રોડ-રસ્તા, ગટર, નવી વરસાદી કાંસ બનાવવાની પ્રોસેસ કરાઈ રહી છે. રસ્તાઓ સાંકડા અને માટીના કારણે ચીકણા બની ગયા છે. સાંજના સમયે લોકો ઓફિસથી છુટી ઘરે જતા હોય તેવા સમયે આ રસ્તાઓ પર ભારે ટ્રાફિક જામ સર્જાતો હોય છે. વાહનચાલકોની ફરિયાદ હોય છે કે, ચાર રસ્તા સિવાય ટ્રાફિક જામ સર્જાય તો ટ્રાફિક પોલીસ આ સ્થળે પહોચતી નથી. 15 થી 30 મીનીટ સુધી ટ્રાફિક જામ દુર થાય તેની રાહ જોતા લોકો ઉભા રહેવું પડે છે.

પાલિકા દ્વારા સમા એબેક્સ સર્કલ , વૃંદાવન ચાર રસ્તા, સરદાર એસ્ટેટ ચાર રસ્તા, ખોડિયાર નગર ચાર રસ્તા, વાસણા જંક્શન અને ભાયલી રોડ પર નવા બ્રિજ બનાવવામાં આવી રહ્યાં છે. જેના કારણે રસ્તા પર બેરીકેટીંગ કરવામાં આવતા રસ્તા સાંકડા થઈ જતા સાંજના સમયે આ સ્થળો પર ટ્રાફિક જામ રોજેરોજ સર્જાતો હોય છે

# આજવા સરોવર સહિત વિવિધ સ્થળે પૂરની સ્થિતિમાં પાણી પ્રવાહની ઝડપ માપવા વેલોસીટી મીટરો મુકાશે

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજવા સરોવર સહિત વિવિધ સ્થળે ચોમાસામાં પૂરની સ્થિતિમાં પાણીના પ્રવાહની ઝડપ અને તીવ્રતા કેટલી છે તે માપવા માટે વેલોસીટી મીટર મુકવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ચોમાસાને ધ્યાનમાં રાખીને આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. તાજેતરમાં સ્ટેન્ડિંગ સમિતિ દ્વારા 2.52 કરોડના ખર્ચે આજવા 62 દરવાજા, કોદર વાયા, ઉજેટી રેડિયલ ગેટ, જોડિયા ગેટ, આસોજ ફીડર, વિશ્વામિત્રી રેડિયલ ગેટ, વિશ્વામિત્રી જુના ગેટ, હાસાપુરા વેસ્ટ વીયર અને મુંઢેલા વેસ્ટ વીયર ખાતે આ વેલોસીટી મીટર મૂકવામાં આવનાર છે. આજવા 62 દરવાજા ખાતે બે મીટર મુકાશે. હાલ આજવા સહિત વિવિધ સ્થળે 15 અર્લી વોર્નિંગ સિસ્ટમ માટે 15 સેન્સર મુકેલા છે. આજવા સરોવરના ઉપરવાસમાં પડતાં વરસાદની આવક મુજબ આજવા સરોવરના 62 દરવાજા તથા તેના ઉપરવાસમાં આવેલા વિવિધ દરવાજા તથા વેસ્ટવીયર ખાતે વરસાદમાં પાણી પ્રવાહની ગતિ કે ફ્લો માપી શકાય તે મુજબની કોઈ વ્યવસ્થા નથી. હાલ સ્થળ પર લગાડેલ લેવલ ગેજની મદદથી મેન્યુલ ગણત્રી કરી પાણીનો પ્રવાહ માપવામાં આવે છે.

## એનડીઆરએફ દ્વારા વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી નિમિત્તે રક્તદાન શિબિર યોજાઇ

14મી જુનનો દિવસ વિશ્વભરમાં વિશ્વ રક્તદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે રક્તદાતાઓના અમૂલ્ય યોગદાનની કદર કરવાનો અને તેમનું સન્માન કરવાનો પ્રસંગ છે. જેના ભાગરૂપે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) છટ્ટી બટાલિયન દ્વારા રક્તદાનને પ્રોત્સાહન આપવા અને જીવન બચાવવામાં રક્તદાનના મહત્વ અંગે જાગૃતતાના આશયથી સીએચસી જરોદ અને ધ્વનિ બ્લડ બેન્કના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં એનડીઆરએફ અધિકારીઓ સહિતના રક્ત દાતાઓએ રક્તદાન કર્યું હતું. રક્તદાતાઓની સલામતી સુનિશ્ચિત હેતુ વિશેષ કાળજી રાખવામાં આવી હતી.





તંત્રી સ્થાનેથી ....

■ ઘડિયાળી મુમતાઝ

# જે વિમાન મંઝિલ ન પહોંચી બોમ્બ બની ગયું ...

બોઈંગ દુનિયાના સૌથી મોટા વિમાન નિર્માતાઓમાંની એક છે. અમેરિકાની આ મલ્ટીનેશનલ કંપની દુનિયાભરમાં એરોપ્લેન, રોટરક્રાફટ, રોકેટ, સેટેલાઈટ અને મિસાઈલો બનાવે અને વેચે છે. તેનું મુખ્યાલય પહેલાં શિકાગો ઈલિનોઈસમાં હતું. પરંતુ હવે તેનું હેડક્વાર્ટર વર્જીનિયામાં આવેલું છે. જેટલી મોટી આ કંપની છે, દુર્ભાગ્યે તેના ઈતિહાસની સાથે એટલી જ મોટી વિમાન દુર્ઘટનાઓ પણ જોડાયેલી છે અને ભારતના કમનસીબે અમદાવાદની ભયાવહ દુર્ઘટના તેમાં ઉમેરાઈ ગઈ છે. ગુરુવારે અમદાવાદમાં બોઈંગનું વિમાન ટેકઓફ પછી ક્રેશ થઈ ગયું અને સેંકડો લોકોનો ભોગ લીધો. એર ઈન્ડિયાનું યાત્રી વિમાન અમદાવાદથી લંડન માટે ઉડાન ભર્યાની થોડી જ મિનિટમાં તૂટી પડ્યું. આ દુર્ઘટના ખૂબ જ દુ:ખદ દુર્ઘટના છે. એર ઈન્ડિયાનું ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન લંડનના ગેટવિક એરપોર્ટ પર ઉતરવાનું હતું. પરંતુ ઉડાન ભર્યાની થોડી જ મિનિટો બાદ ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદના રહેણાંક વિસ્તાર મેઘાણી નગરમાં તૂટી પડ્યું. આ વિમાનમાં ૨૪૨ મુસાફરો અને ચાલક દળના સભ્યો હતા. એરલાઈન કંપની આ દુર્ઘટનાનાં કારણોની તપાસ કરી રહી છે. આ ઘટના બોઈંગ કંપનીના વિમાનો સાથે જોડાયેલી કેટલીય દુ:ખદ ઘટનાઓમાંથી એક છે. એર ઈન્ડિયાની આ ફલાઈટમાં ૧૬૯ ભારતીય, ૫૩ બ્રિટિશ, એક કેનેડિયન અને સાત પોર્ટુગીઝ નાગરિક સવાર હતા. વિમાનમાં આગ લાગી ગઈ અને ચારેબાજુ ધુમાડો ફેલાઈ ગયો. બોઈંગ કંપનીનાં વિમાનો સાથે પહેલાં પણ કેટલીય દુર્ઘટનાઓ બની ચૂકી છે. ખુદ આ જ દુર્ઘટનાગ્રસ્ત વિમાનને ગત ડિસેમ્બર,૨૦૨૪માં ટેકનિકલ ખામીઓને કારણે ઉડાન ભરવા દેવાઈ નહોતી અને તમામ પેસેન્જરો રઝળી પડ્યા હતા. આવી ઘટનાઓને કારણે બોઈંગની સુરક્ષા અને વિશ્વસનીયતા પર સવાલ ઉઠી રહ્યા છે. થોડાં દિવસ પહેલાં બોગિં ૭૩૭ મેક્સ વિમાન સાથે જોડાયેલી દુર્ઘટનાઓ માટે અમેરિકી ન્યાય વિભાગ સાથે ૧.૧ અબજ ડોલરમાં સમાધાન કર્યું હતું. આ દુર્ઘટનાઓમાં ૨૦૧૮ અને ૨૦૧૯માં ઈથિયોપિયા અને ઈન્ડોનેશિયામાં ૩૪૬ લોકો માર્યા ગયા હતા. તપાસમાં ખબર પડી કે બંને દુર્ઘટનાઓ વિમાનના ઉડાન નિયંત્રણ પ્રણાલીમાં ખરાબીને કારણે થઈ હતી. ત્યારબાદ ૭૩૭ મેક્સ વિમાનોને દુનિયાભરમાં લગભગ બે વર્ષ માટે રોકી દેવામાં આવ્યાં હતાં. ગત ડિસેમ્બરમાં દક્ષિણ કોરિયામાં એક બોઈંગ વિમાન રનવે પરથી લપસીને એક કોંક્રીટની દીવાલ સાથે અથડાયું, જેનાથી વિમાનમાં આગ લાગી ગઈ. આ દુર્ઘટનામાં ૧૮૧ લોકોમાંથી બેને બાદ કરતાં બધા જ પેસેન્જરો માર્યા ગયા હતા. નવેમ્બરમાં લિથુઆનિયામાં એક બોઈંગ ૭૩૭ માલવાહક વિમાન ઉતરતી વખતે નિયંત્રણ ગુમાવી બેઠું અને એક ઘર સાથે ટકરાયું, જેનાથી એક વ્યક્તિનું મોત થયું અને ત્રણ ઘાયલ થઈ ગયા હતા. થોડા અઠવાડિયાં પહેલાં, સેનેગલના એક એરપોર્ટ પર બોઈંગ ૭૩૭ વિમાન ઉડાન ભરવામાં નિષ્ફળ રહ્યું અને રનવે પરથી સરકીને ઝાડીઓમાં ઘૂસી ગયું. આ વિમાનમાં ૭૮ યાત્રીઓ સવાર હતા. વિમાનમાં આગ લાગી ગઈ અને તેને ગંભીર નુક્સાન થયું. મે ૨૦૨૪માં અમેરિકાના સંઘીય વિમાન પ્રશાસન (એફએએ) એ બોઈંગ કંપની વિરુદ્ધ એક નવી સુરક્ષા તપાસ શરૂ કરવાની જાહેરાત કરી. વોલસ્ટ્રીટ જર્નલે જણાવ્યું કે તપાસનો ઉદ્દેશ્ય એ જાણવાનો હતો કે બોઈંગે પોતાના ૭૮૭ વિમાનો પર સુરક્ષા નિરીક્ષણ જરૂરિયાતોને પૂરી કરી છે કે નહીં. નિયામકોનું કહેવું હતું કે બોઈંગે તેમને જણાવ્યું કે તેમના કર્મચારીઓએ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાનો પર થોડાં નિરીક્ષણ નહી કર્યાં હોય. એફએએના કહેવા પ્રમાણે તે તપાસ કરી રહ્યું છે કે શું બોઈંગે નિરીક્ષણ પૂરું કર્યું? અને શું કંપનીના કર્મચારીઓએ વિમાનના રેકોર્ડમાં ઘાલમેલ કરી છે? ત્રણ મહિના પહેલાં અમેરિકાની આ જ એફએએ સંસ્થાએ બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાનો માટે અનિવાર્ય નિરીક્ષણનો આદેશ આપ્યો હતો. માર્ચ ૨૦૨૪માં લેટમ એરલાઈન્સના એક બોઈંગ-૭૮૭ વિમાનમાં એક ભયાનક ઘટના બની હતી, જેમાં ૫૦થી વધારે લોકો ઘાયલ થઈ ગયા.

# વડોદરામાં ફલાય ઓવર, રેલ્વે બ્રીજ, અન્ડરપાસની કામગીરી માટે કન્સલ્ટન્સ એજન્સીઓની પેનલ રચાશે

વડોદરા પાલિકામાં ફલાય ઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ, રીવર બ્રીજ, કલ્વર્ટ, અન્ડરપાસ તથા તેને આનુસાંગિક કામગીરી માટે કન્સલટન્ટ તરીકે એક તથા કવોલીફાય થયેલ અન્ય ત્રણ કન્સલટન્ટ એજન્સીઓ સહ પેનલ બનાવી જરૂરીયાત મુજબ એક અથવા અલગ-અલગ એજન્સી પાસેથી વિવિધ સંયુક્ત અથવા અલાયદી કામગીરી 3 વર્ષ તથા જરૂરીયાત જણાય તો વધુ 2 વર્ષ કરાવવા અંગેની આનુસાંગિક તમામ સત્તા મ્યુનિસિપલ કમિશ્નરને આપવા અંગેની દરખાસ્તને સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવી છે.

શહેરમાં રેલ્વે ઓવર બ્રીજ, ફલાય ઓવર બ્રીજ, રીવર બ્રિજ, અંડરપાસની કામગીરીની સર્વીસીસ મેળવવા અર્થે વર્ષ 2021માં સલાહકાર મે.કસાડ કેન્સલટન્ટન્ટ્સ પ્રા. લી.ની સર્વીસીસની કામગીરી તેમજ સલાહકાર મે.પંકજ એમ. પટેલ કન્સલટન્ટ પ્રા. લી.ને સ્થાયિ સમિતિએ અગાઉ મંજૂરી આપી હતી. જે મુજબ અત્રેથી વિવિધ બીજ/કલ્વર્ટના કામો માટે હાલ સુધી સલાહકારની નિમણુંક અધિકાર પરત્વે મંજુરી મેળવી કામગીરી કરવામાં આવે છે. વર્ષ 2021માં કન્સલટન્સી સર્વીસીસ અર્થે મંગાવેલ ભાવપત્ર મુજબ રાલાહકારને તા.15-07-2021ના રોજ Letter of Intent આપવામાં આવેલ. જે મુજબ તેઓની સમયમર્યાદા 3 વર્ષની રાખવામાં આવેલ, જે તા.14-07-2024ના રોજ પુર્ણ થતી હતી. પરંતુ ટેન્ડરની શરત મુજબ ટેન્ડર મંજુર ન થાય ત્યાં સુધી અથવા 1 વર્ષ જે ઓછી સમય મર્યાદા માટે સ્થાયિ સમિતિ ઠરાવથી મ્યુનિસિપલ કમિશ્નરને આપવામાં આવેલ સત્તા મુજબ અધિકાર પરત્વે મંજુરી મેળવવામાં આવેલ છે.

વિવિધ નવીન ફલાય ઓવર બ્રીજ/રેલ્વે ઓવર બ્રીજ/રિવર ઓવર બ્રીજ/કલ્બર્ટના કામો તેમજ હયાત વર્ષો જુના બ્રીજ/કલ્પર્ટના મેઈનટેનન્સના ભાગરૂપે બ્રીજ/ કલ્વર્ટ વાઈડનીંગ તથા સ્ટ્રેન્થનીંગની કામગીરીનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આયોજનના કામો સંદર્ભે સાઈટના ડેટા કલેકશન, સર્વે, સોઈલ ઈન્વેટીગેશના, ડી.પી.આર., ડીટેઈલ અંદાજ, ટેન્ડર તૈયાર કરવા, ડ્રોઈંગ તથા સ્ટ્રકચર ડીઝાઈન તૈયાર કરી R&B (Design) વિભાગમાંથી મંજુર કરાવવાની, રેલ્વે ઓવર બ્રીજ સંદર્ભે રેલ્વે વિભાગમાંથી મંજુરી મેળવવાની તથા સ્થળે વિવિધ વિભાગો સાથે સંકલનમાં રહી ઝડપથી તેમજ ચોકસાઈપુર્વક સુપરવિઝન સહ કામગીરી શરૂ થયેથી પુર્ણ થતા સુધીની જરૂરિયાત રહે છે. જે કામોની અગ્રીમતા છે તે કામોની સર્વે તથા ડીઝાઈનની કામગીરી હાલના સલાહકારને મંજુરી મેળવી સોપવામાં આવેલ છે. સલાહકારને પાર્ટ-1 તથા પાર્ટ-2ની કામગીરી આપવામાં ભાવતા કામગીરીમાં બીન જરૂરી વિલંબ જવાની શકયતાને ધ્યાને લેવાઈ તથા નાણાંકીય વર્ષના બજેટમાં કામની મંજુરી બાદ તુરંત પ્રોજેક્ટનું અમલીકરણ જાઈ શકે તથા શહેરના નાગરીકોને સદર લાભ મળે તે હેતુસર બ્રિજને સંલગ્ન સ્કોપ ઓફ વર્ક સહ કામગીરી થઈ શકે.

# વિશ્વામિત્રીને ઊંડી કરવામાં 100 વર્ષ જૂના રાવણ તાડનાં 200 વૃક્ષનાં મૂળ કાઢી નાખ્યાં

500 વર્ષ પહેલાં દીવ આવેલા પોર્ટુગીઝ નાવિકો દ્વારા આફ્રિકાથી લાવવામાં આવેલા રાવણ તાડનાં વૃક્ષો શહેરની વિશ્વામિત્રી નદીના પટમાં ઉછેરવા મહારાજા સયાજીરાવના પ્રયાસોથી દીવથી લાવવામાં આવ્યા હતા. જોકે વિશ્વામિત્રીને ઊંડી કરવાની ચાલી રહેલી કામગીરી દરમિયાન પટમાં આવેલાં રાવણ તાડનાં 200થી વધુ વૃક્ષોના મૂળને ભારે નુકસાન થયું છે. જેને પગલે સંભવિત પૂરમાં અને ભારે વરસાદમાં આ વૃક્ષો પડી જાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

શહેરમાં ગત વર્ષે આવેલા વિનાશક પૂર બાદ વિશ્વામિત્રીને ઊંડી કરવાની કામગીરી કરાઈ રહી છે. જેને પગલે વિશ્વામિત્રી પટમાં ઝાડી-ઝાંખરા, નાના છોડ, વનસ્પતિ હટાવાતાં વૃક્ષોને ભારે નુકસાન થયું છે. મ.સ. યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના બોટની વિભાગના સિનિયર અધ્યાપક પી.એસ.નાગરે જણાવ્યું કે, વિશ્વામિત્રીના પટમાં 100 વર્ષથી જૂનાં રાવણ તાડનાં 200થી વધુ વૃક્ષને પણ ભારે નુકસાન થયું છે. આ વૃક્ષનું સાયન્ટિફિક નામ હાઈફેન ડિચોટોમા છે.

વિશ્વામિત્રીને ઊંડી કરવાની કામગીરીમાં રાવણ તાડનાં મૂળિયાં બહાર આવી ગયાં છે. જેને માટીમાં ફરીથી પુરાણ નહિ કરાય તો વરસાદ અને પૂરમાં આ વૃક્ષો પડી જશે. નરહરિ હોસ્પિટલથી કાલાઘોડા સુધીના પટમાં આ વૃક્ષોને વધુ નુકસાન થયું છે. આ વૃક્ષોની સંભાળ રાખવી જરૂરી છે. 100 વર્ષ પહેલાં તેને વિશ્વામિત્રી નદીમાં વાવ્યાં હતાં.

આ વૃક્ષો વિશ્વામિત્રી માટે અગત્યનાં છે. જમીન સંરક્ષણ માટે જરૂરી છે. આ વૃક્ષ રેતીવાળા અને દરિયાકિનારા વિસ્તારોમાં જમીન ક્ષય અટકાવવામાં મદદ કરે છે. હાઈફેન ડિચોટોમા કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે અને ઓક્સિજન છોડે છે, જે પર્યાવરણ માટે લાભદાયક છે. આ વૃક્ષના તંતુ અને પાંદડા દોરડા, ટોપલા અને અન્ય હસ્તકલા ઉત્પાદનમાં ઉપયોગ થાય છે.

આ વૃક્ષના ફળ એન્ટી ઓક્સિડન્ટ ગુણધર્મો ધરાવે છે. જેમાં ટૅનિન, ફિનોલ્સ, સાપોનિન, સ્ટેરોઈડ્સ, ગ્લાયકોસાઈડ્સ, ફલેવોનોઈડ્સ, અને ટર્પેનોઈડ્સ શામેલ છે. મૂળ અને પાંદડાં ઔષધીય ઉપયોગ માટે ઉપયોગી છે. ખાસ કરીને સ્થાનિક ઉપચાર માટે ઉપયોગમાં લેવાય છે.

રાવણ તાડની મજબૂત મૂળ પ્રણાલી જમીનને સ્થિર રાખે છે, જે ભૂસ્ખલન અટકાવવામાં સહાયક છે. હાઈફેન ડિચોટોમા એટલે કે રાવણ તાડ પાણીની નજીક ઊગે છે. જોકે પાણી ભરાયેલા વિસ્તારોમાં સારી રીતે વિકાસ પામતું નથી. તે જમીનમાં ભેજ જાળવી રાખવામાં મદદ કરે છે. જે શૂષ્ક વિસ્તારોમાં પર્યાવરણ માટે લાભદાયક છે.

# જર્જરિત ઈમારતો અંગે વડોદરા કોર્પોરેશને માત્ર જાહેર નોટીસ આપી સંતોષ માન્યો

ચોમાસાની ઋતુ હવે શરૂ થઈ ગઈ છે ત્યારે આગામી દિવસોમાં વરસાદનો અસલ મિજાજ જોવા મળશે ત્યારે વડોદરા મહાનગરપાલિકાના પૂર્વ ઝોનના વહીવટી વોર્ડ 4, 5, 6, 14 અને 15ના વિવિધ વિસ્તારમાં આવેલી ખાનગી મિલકતો તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડ, ગુજરાત સ્લમ ક્લિયરન્સ બોર્ડ, શહેરી વિકાસ સત્તા મંડળ (વુડા) સહિત પાલિકા હસ્તકના ઈડબલ્યુએસ અને બીએસયુપી સહિત અન્ય આવાસો તથા અન્ય સરકારી જર્જરિત મિલકતોને નોટિસો પાઠવવામાં આવી હતી.

આગામી ચોમાસાની ઋતુમાં વરસાદના સમયે આવી જર્જરિત ઈમારતો ભયજનક સ્થિતિમાં હોવા છતાં માત્ર નોટિસો આપીને તંત્ર દ્વારા સંતોષ માનવામાં આવ્યો છે. પરંતુ આવી જર્જરિત ઈમારતો તંત્ર દ્વારા અગાઉ ઉતારી લેવામાં આવતી હતી પરંતુ હવે તે કેમ ઉતારી લેવામાં નથી આવતી એવો પ્રશ્ન ચર્ચાના ચગડોળે ચડ્યો છે.

ઉલ્લેખનીય છે કે, શહેરના પૂર્વ ઝોન વિસ્તારમાં વોર્ડ નં. 4, 5, 6, 14, 15માં ગુજરાત સ્લમ ક્લિયરન્સ બોર્ડ, વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ-વુડા તથા પાલિકા હસ્તકના ઈડબલ્યુએસ, બીએસયુપી તથા અન્ય આવાસો તેમજ સરકારી જર્જરિત મિલકતોને જીપીએમસી એક્ટની કલમ 264 મુજબ નિર્ભયતા અંતર્ગત નોટીસો આપવામાં આવેલી છે તેવી મિલકતો તથા અન્ય જર્જરિત મિલકતો તેમજ મિલકતોના માલિક ભાડુઆતના કોર્ટ કેસ ચાલતા હોય તેવા જર્જરિત મિલકતો તથા જર્જરિત મિલકતોની આજુબાજુમાં આવેલ અન્ય મિલકતોમાં રહેવું અત્યંત જોખમી હોવાથી કોઈપણ વ્યક્તિએ રહેવું નહીં કે પ્રવેશ કરવો નહીં તથા મિલકતનો ભયજનક ભાગ તથા સંપૂર્ણ ભાગ ઉતારી લેવા જણાવવામાં આવે છે. જો આવી મિલકતોમાં વસવાટ બંધ કરવામાં નહીં આવે તો અને કોઈ અકસ્માત જાનહાની સર્જાશે તો મિલકતોના માલિક તથા ભાડુઆત અને કબજેદારની અંગત જવાબદારી રહેશે તથા તે અંગેની પાલિકાની કોઈ જવાબદારી રહેશે નહીં. આમ પાલિકા તંત્ર દ્વારા આવા જર્જરિત આવાસોના માલિકોને માત્ર નોટિસ આપીને સંતોષ માનવામાં આવ્યો છે. પરંતુ આવી જર્જરિત મિલકતો તાત્કાલિક ધોરણે ઉતારી લેવાય એ શહેરીજનોના હિતમાં છે. અન્યથા કોઈ જાનહાની થાય કે કોઈને ઈજા થાય તેવા કિસ્સામાં તંત્ર દ્વારા હાથ ઊંચા કરવામાં આવે એ કેટલું વ્યાજબી છે એ અંગેની ચર્ચા શહેરીજનોમાં શરૂ થઈ છે.

પાલિકા તંત્ર દ્વારા જેવી રીતે ગેરકાયદે દબાણ તાત્કાલિક ધોરણે બુલડોઝર ફેરવીને દૂર કરવામાં આવે છે તેમ આવી જર્જરિત ઈમારતો તાત્કાલિક ધોરણે ઉતારી લેવી શહેરીજનોના હિતમાં જરૂરી છે.

**પ્રેમજાળમાં ફસાવી સગીરા પર દુષ્કર્મ**

# ગોરવા વિસ્તારમાં રહેતા 19 વર્ષીય યુવકે ત્રણથી ચાર વખત સગીરા પર દુષ્કર્મ આચર્યું, પોલીસે આરોપીની ધરપકડ કરી

વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતા 19 વર્ષીય યુવકે 16 વર્ષીય સગીરાને પ્રેમ જાળમાં ફસાવીને વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. ગોરવા પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી છે અને સગીરાનુ મેડિકલ કરવાની દિશામાં કાર્યવાહી શરૂ કરી છે.

શહેરના ગોરવા વિસ્તારમાં રહેતા 19 વર્ષીય યુવક કૌશિક ગરાસિયા 16 વર્ષીય સગીરાના ઘર પાસે વોટર પ્રૂફિંગનું કામ કરવા માટે ગયો હતો ત્યારે તેણે સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ તે અવારનવાર સગીરાને મળવા માટે જતો હતો. આ દરમિયાન બંનેએ એકબીજાના મોબાઈલ નંબર પણ



લઈ લીધા હતા. સગીરા યુવક સાથે ફોન કરી વાતો કરતી હતી. આ દરમિયાન યુવકે સગીરાને ત્રણથી ચાર વખત ગોરવા વિસ્તારમાં એકાંત જગ્યા પર મળવા માટે બોલાવી હતી અને ત્રણથી ચાર વખત દુષ્કર્મ આચર્યું હતું. 14 જૂનના રોજ કૌશિક ગરાસીયાએ સગીરાને મળવા માટે બોલાવી હતી અને તેના પર દુષ્કર્મ આચર્યું હતું. આ દરમિયાન સગીરાને ઘરે પહોંચવામાં મોડું થઈ ગયું હતું, જેથી તેના પરિવારના સભ્યોએ સગીરાની શોધખોળ શરૂ કરી હતી. મોડી રાતે સગીરા મળી આવતા પરિવારના સભ્યોએ તેની પૂછપરછ કરી હતી ત્યારે સગીરાએ કૌશિક ગરાસિયા તેને મળવાના બહાને બોલાવ્યા બાદ તેની સાથે ત્રણથી ચાર વાર દુષ્કર્મ ગુજાર્યું હોવાની વાત કરી હતી. સગીરાના પરિવારે ગોરવા પોલીસ સ્ટેશનમાં કૌશિક ગરાસિયા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેથી ગોરવા પોલીસે આરોપીને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો અને પોલીસ દ્વારા સગીરાનુ મેડિકલ કરાવવાની દિશામાં કાર્યવાહી પણ શરૂ કરી છે.

# ગોત્રી પોલીસ સ્ટેશન પાસે કાકાએ ટ્રેક્ટર રિવર્સ લેતાં 9 માસની ભત્રીજી પર પાછળનું પૈડું ફરતાં મોત

ગોત્રી પોલીસ સ્ટેશન પાસે ટ્રેક્ટરમાં રેતીનો ઢગલો ભરવાનું કામ કરતી વખતે સ્થળ પર રમતી 9 મહિનાની બાળકી ઉપર રિવર્સ આવી રહેલા ટ્રેક્ટરના પૈડા ફરી વળતાં બાળકીનું મોત નીપજ્યું હતું. દાહોદના સિંગવડના રહેવાસી રાકેશ હઠીલા પત્ની સુરેખા અને 9 મહિનાની દીકરી પ્રિયંકા તેમજ મોટાભાઈ પિંકલ હઠીલા સાથે રેતીનો ઢગલો ભરવા માટે ગોત્રી પોલીસ સ્ટેશન પાસે ગયા હતા.

જ્યાં રાકેશ સુરેખા અને શ્રમજીવી મયુર લીમડાના ઝાડ નીચે બેઠા હતા. 9 મહિનાની બાળકી પ્રિયંકા સાયકલ લઈને રમી રહી હતી. દરમિયાન પિંકલ ટેકટરની ટ્રોલી રેતી ભરવા માટે ટ્રેક્ટર રિવર્સ કરી રહ્યા હતા. એ સમયે અચાનક પ્રિયંકા ઉપર ટ્રેક્ટરના પાછળના પૈડા ફરી વળતાં તેના માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર માટે ગોત્રી જનરલ હોસ્પિટલમાં લઈ જવાયેલી બાળકીને બચાવવામાં સફળતા મળી નહોતી. બનાવ અંગે ગોત્રી પોલીસ દ્વારા ગુનો નોધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પશ્ચિમ ઝોનમાં 1.50 કરોડના ખર્ચે ઝાડનું ટ્રીમિંગ અને ડિવાઈડરનું મેન્ટેન્સ કરાશે

શહેરના પશ્ચિમ ઝોનમાં ઝાડની ડાળીઓનું ટ્રીમિંગ, કટિંગ, ડિવાઈડર મેન્ટેન્સની કામગીરી દોઢ કરોડના ખર્ચે કરવામાં આવશે. સાથે અર્બન ફોરેસ્ટની નિભાવણી પણ કરવામાં આવશે. શહેરના પશ્ચિમ ઝોનમાં ઝાડની ડાળીઓનું ટ્રીમિંગ, કટિંગ, ડિવાઈડર મેન્ટેન્સ અને અર્બન ફોરેસ્ટની નિભાવણી કરવા માટે ટ્રેક્ટર, ક્રેન, હાઈડ્રા સહિત માનવદિન સપ્લાય કરવાના કામે ઈજારદારે આપેલા ભાવપત્રકથી 0.02 ટકા વધુને રૂ.1.50 કરોડની મર્યાદામાં કામ કરવા માટેની મંજૂરી મેળવી આપવામાં આવી છે.

વર્ષ દરમિયાન નાગરિકો, મ્યુનિ. સભાસદો દ્વારા પશ્ચિમ ઝોન વિસ્તારમાં વૃક્ષોની નડતરરૂપ ડાળીઓનું ટ્રીમિંગ, કટિંગ અને જુદાં જુદાં ડિવાઈડરોના નિભાવણીની કામગીરી અને અર્બન ફોરેસ્ટ નિભાવણીની કામગીરી અંગે અરજી તથા સૂચનો આવે છે. આ કામગીરી માટે 1.50 કરોડની મર્યાદામાં મંજૂરી માટે દરખાસ્ત રજૂ કરાઈ હતી. ઓનલાઈન ટેન્ડરિંગની કામગીરી કરવામાં આવી હતી. 3 પ્રયત્ન બાદ કામગીરી માટે ઈજારદાર નક્કી કરવામાં આવ્યા છે. 3 ભાવપત્રો પૈકી ઈજારદાર ઓએસીસ એન્ટરપ્રાઈઝનું ભાવપત્ર જે અંદાજિત ભાવથી 0.02 ટકા વધુ સૌથી ઓછા ભાવનું છે. ટેન્ડર સ્ક્રૂટિની કમિટી દ્વારા મંજૂરી અર્થે રજૂ કરવા ભલામણ કરાઈ છે, જેનો ખર્ચ પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખાના બજેટમાં કરાશે.

# વડી વાડી ફાયર સ્ટેશનમાં કચરાના ઢગલા : ગાડી નિયમિત આવતી નથી, પાણીની લાઈન લીકેજ

આકસ્મિક દુર્ઘટના સમયે સતત 24 કલાક તૈનાત રહેતા વડી વાડી ફાયર બ્રિગેડ આસપાસ ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે. આગામી દિવસોમાં ચોમાસું જ્યારે નજીક છે ત્યારે વરસાદમાં કચરો પલળતા ફેલાતી દુર્ગંધના કારણે ફાયર જવાનોના સ્વાસ્થ્ય કથળી શકે છે. જ્યારે છેલ્લા કેટલાય સમયથી પીવાના પાણીનું લીકેજ રીપેર કરવા પાલિકા તંત્ર સમક્ષ કરાયેલી રજૂઆતોનો હજી સુધી કોઈ નિકાલ આવ્યો નથી.



ઉલ્લેખનીય છે કે લોકોની જાન માલના રક્ષણ માટે અને આકસ્મિત દુર્ઘટના સમયે ફાયર બ્રિગેડના જવાનો સતત ખડે પગે રહે છે પરંતુ વડી વાડી ફાયર બ્રિગેડના સ્ટાફ માટે તંત્ર દ્વારા કોઈ દરકાર લેવામાં આવતી નથી. ફાયર સ્ટેશનની આસપાસ એકત્ર થતા કચરાના ઢગલા ઉપાડવા માટે દોડતું ડોર કલેક્શન ગાડી નિયમિત આવતી નહીં હોવાના આક્ષેપો થયા છે. દસેક દિવસે મન ફાવે ત્યારે ડોર ટુ ડોર કલેકશન ગાડી આવે છે. પરિણામે કચરાના ઢગલા સર્જાય છે. હવે આગામી દિવસોમાં વરસાદ પડશે ત્યારે આ કચરો ભીનો થવાથી ભારે દુર્ગંધ પહેલા છે અને મચ્છરજન્ય રોગચાળાનો ભોગ ફાયર બ્રિગેડનો સ્ટાફ બની શકે છે. આ ઉપરાંત ફાયર બ્રિગેડ ની તદ્દન નજીકમાં જ પીવાના પાણીની લાઈન છેલ્લા કેટલાય વખતથી લીકેજ છે પરિણામે પાણીનો રોજિંદો વેડફાટ થાય છે. આ અંગે પાલિકા તંત્રમાં અગાઉ રજૂઆતો કરી હતી પરંતુ હજી સુધી આ સમસ્યાનો કોઈ નીવેડો આવ્યો નથી. સ્થાનિક કોર્પોરેટરો પણ જો અવારનવાર વડી વાડી ફાયર બ્રિગેડની મુલાકાતે આવે તો જરૂર સ્વચ્છતા જળવાય તેમ છે.

એક તરફ સ્માર્ટ સિટીની વાતો થાય છે શહેરમાંથી ગંદકી દૂર કરવાની પણ વાતો થાય છે અને શહેરને ચોખ્ખું રાખવાના સ્લોગન ઠેર ઠેર લખાયા છે કે છતાં પણ વોર્ડ નં.8ની કચરા ગાડી આ વિસ્તારમાં નિયમિત આવે તેવી ફાયર બ્રિગેડ સ્ટાફની માગ છે.

# શ્રમજીવીઓને પ્રિ-ફેબ્રિકેટેડ આવાસ કામ ચલાઉ આપવા કોર્પોરેશનની સમગ્ર સભા નિર્ણય કરશે

વડોદરા શહેરમાં બાંધકામ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શ્રમજીવીઓને સરકારના ઠરાવ મુજબ પ્રી-ફેબ્રિકેટેડ કામ ચલાઉ ધોરણે આવાસ પૂરા પાડવાનો અંતિમ નિર્ણય કોર્પોરેશનની તારીખ 18 ના રોજ મળનાર સમગ્ર સભામાં લેવાશે.

આ અગાઉ આ માટેની દરખાસ્ત સ્ટેન્ડિંગ સમિતિમાં મંજૂર કરવામાં આવી ત્યારે સમિતિએ શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને કોર્પોરેશનના 10 પ્લોટો બે વર્ષની એક્સટેન્ડેબલ લીઝ ઉપર એક રૂપિયાના ટોકન દરે આપવા અભિપ્રાય આપ્યો હતો. જેમાં બે વર્ષ બાદ મંજૂરી માટે ફરી સમગ્ર સભામાં કામ રજૂ કરવા ઠરાવ્યું હતું. શહેરમાં બહારગામથી રોજગારી માટે આવતા અને બાંધકામની કામગીરી સાથે સંકળાયેલા શ્રમિકોને



રાત્રી રોકાણ માટે વડોદરામાં આ પ્રકારના 10,000 આવાસ બનાવવા માટેનો લક્ષ્યાંક સરકારે રાખ્યો છે. જેમાં નાગરવાડા, છાણી, દંતેશ્વર, સવાદ, તાંદળજા, જીઆઈડીસી, સમા, ગોત્રી, વાસણા અને માંજલપુર વિસ્તારમાં કોર્પોરેશનના પ્લોટો પર આશરે 5,000 આ પ્રકારના આવાસ બનાવી શકાય તેમ છે. અગાઉ આ પ્રકારના આવાસ પૂરા પાડવા શ્રમિક બશેરા યોજનાને મંજૂરી આપવામાં આવી હતી.

# ખોડિયારનગર પાસે 71 લાખના ખર્ચે વરસાદી ચેનલ બનાવાશે

**ચોમાસા પૂર્વે મંજૂરી અપાઈ, આ વર્ષે તો પાણી ભરાશે**

પાલિકા દ્વારા પૂર્વ વિસ્તારમાં વરસાદી ચેનલ બનાવાશે. ખોડિયારનગર પાસે 71.50 લાખના ખર્ચે વરસાદી ચેનલ બનાવવાનો નિર્ણય પાલિકાએ લીધો છે. વરસાદ શરૂ થાય તે પહેલાં કામ મંજૂર કરાયું છે, પરંતુ ચોમાસામાં કામ પૂરું નહિ થાય, જેથી પાણી ભરાશે.

પાલિકાના પૂર્વ ઝોનમાં વોર્ડ-6માં ખોડિયારનગર પાસે સાંઈનગરના ટીપી રસ્તે વરસાદી ચેનલ બનાવાશે. 72.93 લાખના કામ માટે ભાવપત્રો મગાવાતાં બીજા પ્રયત્ને 21 ટકા ઓછા મુજબ 71.50 લાખના ખર્ચને સ્થાયીમાં મંજૂરી અપાઈ છે. કામનો ખર્ચ વ્યવસાય વેરાની ગ્રાન્ટ 2024-25 પેટે પડાશે.

ખોડિયારનગર વિસ્તારની સાંઈનગર સહિતની સોસાયટીમાં ચોમાસામાં પાણી ભરાય છે, જેનો નિકાલ કરવા વરસાદી ચેનલ બનાવાશે. જોકે વરસાદની સિઝન શરૂ થાય તે પહેલાં કામને મંજૂરી મળતાં આ ચોમાસામાં કામ પૂરું નહિ થાય, જેથી વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો લોકોએ સામનો કરવો પડશે.

# પાલિકાના 4 કાર્યપાલક ઈજનેર, 6 ના.કા.ઈ સહિત 16 ઈજનેરોની સાગમટે બદલી કરાઈ

પાલિકાના વિકાસના કામોમાં સંકલનનો અભાવ અને સિનિયર ઈજનેરો પહેલા જુનિયર ઈજનેરોને સોંપાયેલી જવાબદારીના કારણે થયેલા વિવાદ બાદ મ્યુનિ. કમિશનરે એકી સાથે 16 ઈજનેરોએ બદલી કરી વધારાના ચાર્જ સોંપ્યા છે. બીજી તરફ વિવાદમાં નામ ઉછળતા ઈજનેરો પાસેથી ખાતા લઈ લેવાયા છે.

મ્યુનિ. કમિશનર અરુણ મહેશ બાબુએ 4 કા.ઈની બદલી સાથે વધારાના ચાર્જ સોંપ્યા છે. ધાર્મિક દવેને રોડ પ્રોજેક્ટનો વધારાનો ચાર્જ સોંપી બ્રિજ પ્રોજેક્ટ અને ટ્રાફિકની ફરજોમાંથી મુક્ત કર્યા છે. રાજેન્દ્ર વસાવાની ફ્યુચરિસ્ટિક સેલ, સેન્ટ્રલ સ્ટોર, હેરિટેજ સેલ, અને પશ્ચિમ ઝોન (વોર્ડ 8-9)ની જવાબદારી હતી. હેરિટેજ કન્ઝર્વેશનનો કા.ઈ તરીકે સ્વતંત્ર હવાલો સંભાળવાનો રહેશે. હરિતીમા શર્મા પાસે વરસાદી ગટરનો ચાર્જ છે. ફ્યુચરીસ્ટિક પ્લાનિંગ સેલની જવાબદારી રાજેન્દ્ર વસાવા પાસેથી લઈ હરિતિમાં શર્માને સોંપાઈ છે. વરસાદી ગટરમાં પશ્ચિમ-દક્ષિણ ઝોનની કામગીરી સોંપાઈ છે. કાર્યપાલક ઈજનેર તરીકે ઉત્તર ઝોન સાંભળતા પ્રશાંત જોશીને બ્રિજ પ્રોજેક્ટનો વધારાનો હવાલો સોંપયો છે.

નાયબ કા.ઈ મહેશ વણકરને ડ્રેનેજ પ્રોજેક્ટ સાથે વરસાદી ગટર(ઉત્તર-પૂર્વ), ભાર્ગવ પંડિતને નાકાઈ તરીકે ઝોન તથા વોર્ડ 13માંથી મુક્તિ અપાઈ છે. રોડ પ્રોજેક્ટમાં હ.કા.ઈ તરીકે પશ્ચિમ-દક્ષિણ જોતા હેતલ રૂપાપરાને વોર્ડ 13ના નાકાઈ તરીકે કામ સોંપાયું છે. નાકાઈ જતન બધેકાને પાણી પુરવઠા, એનર્જી એફિઝિયન્ટ સેલ, પ્લેનેટેરિયમની જવાબદારી, નાકાઈ (મિકે) આલોક શાહે રોડ પ્રોજેક્ટ શાખા, હોટ મિક્સ પ્લાન્ટ અને પાણી પુરવઠા વિતરણ ઉત્તર ઝોન જોવું પડશે. નાકાઈ (મિકે.) યોગેશ વસાવા પાસેથી પાણી પુરવઠા ઉત્તરની જવાબદારી લઈ હોટ મિક્ષ પ્લાન્ટની ફરજો સોંપાઈ છે.

પાલિકામાં કાર્યપાલક ઈજનેર સિવિલની ત્રણ જગ્યા ભરવા આંતરિક ભરતી કરાઈ હતી. પ્રશાંત જોષી વસંત સિંઘલ અને દર્શિન મહેતાના નામ પર પાલિકાની સામાન્ય સભાએ મહોર મારી હતી. નિયમ મુજબ કા.ઈ ના ચાર્જ સંભાળનારને ઓન પ્રોબેશનમાંથી મુક્તિ આપવાનું ઠરાવાયું છે. પ્રશાંત જોષી અને દર્શીન મહેતાને ઓન પ્રોબેશનમાંથી મુક્તિ અપાઈ છે. વસંત સિંઘલનો બે વર્ષનો અનુભવ ન હોવાથી ઓન પ્રોબેશન રખાયા છે.

# વડોદરાના આકડિયાપુરામાં કાશ્મીરી ગુલાબની મહેક

**ગામના 80 ટકા ખેડૂતો કરે છે કાશ્મીરી ગુલાબની ખેતી;મનમોહક સુગંધ અને ઔષધીય ગુણધર્મો માટે જાણીતું, વર્ષમાં 2 લાખ જેટલું ઉત્પાદન**

દર વર્ષે જૂન મહિનાના બીજા શનિવારે રાષ્ટ્રીય ગુલાબ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની પ્રથમ ઉજવણી 14 જૂન, 2014ના રોજ થઈ હતી અને તે ગુલાબની સુંદરતા અને તેની બહોળી ઉપયોગિતાને બિરદાવવા માટે સમર્પિત છે. ત્યારે આપણે વડોદરા જિલ્લાના એક એવા ગામ વિશે જાણીશું કે જ્યાં 80 ટકાથી વધુ ખેડૂતોએ ગુલાબની ખેતી અપનાવીને અનોખી પ્રગતિ સાધી છે.

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના આકડિયાપુરા ગામના 49 વર્ષીય પ્રભાતસિંહ છત્રસિંહ પઢિયાર, વેજલપુરમાં તેમના દોઢ વીઘા ખેતરમાં કાશ્મીરી ગુલાબની ખેતી કરીને સારો ફાયદો મેળવી રહ્યા છે. તેઓ છેલ્લા ચાર વર્ષથી વર્મી કમ્પોસ્ટ સ્ટાઈલની ખેતી કરે છે અને વાઘોડિયા અને વડોદરામાં ગુલાબની મીઠી સુગંધ ફેલાવે છે. પ્રભાતસિંહ છત્રસિંહ પઢિયાર એમની જમીન પર 1200થી વધુ કાશ્મીરી ગુલાબના છોડ રોપ્યા છે. ખાસ કરીને શિયાળા અને ચોમાસાની સિઝનમાં કાશ્મીરી ગુલાબનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થાય છે.



કાશ્મીરી ગુલાબનો અર્થ સામાન્ય રીતે કુદરતી રૂપે કાશ્મીરના વિસ્તારોમાં ઉગતા ગુલાબો અથવા ત્યાં ઉગાડવામાં આવતા વિશિષ્ટ જાતિના ગુલાબો થાય છે. તેનું વૈજ્ઞાનિક નામ "રોઝા દમાસ્કેના" અથવા કેટલીકવાર "રોઝા × ડામાસ્કેના ત્રિગિન્ટીપેટાલા" પણ થાય છે, જે ડેમાસ્ક ગુલાબની નજીકની જાત છે. કાશ્મીરી ગુલાબ તેના સુંદર રંગ, મનમોહક સુગંધ અને ઔષધીય ગુણધર્મો માટે જાણીતું છે. ગુજરાતમાં પણ કાશ્મીરી ગુલાબની ખેતી કરવામાં આવે છે.


ખેડૂત પ્રભાતસિંહ છત્રસિંહ પઢિયારે જણાવ્યું કે, પહેલાં હું આ ખેતરમાં તુવેર અને કપાસની ખેતી કરતો હતો અને પછીથી વર્ષ 2022થી કાશ્મીરી ગુલાબની ખેતી તરફ વળ્યો. હું બીજા કરતાં કંઈક અલગ કરવા માંગતો હતો અને તેથી કાશ્મીરી ગુલાબની ખેતી કરવાનું નક્કી કર્યું. કારણ કે આ વિસ્તારમાં કોઈ આવું કરતું ન હતું. તેથી નંદેસરી ગામથી ગુલાબના બીજ લાવીને ખેતી કરવાની શરૂઆત કરી.

પ્રભાતસિંહ છત્રસિંહ પઢિયાર તેમના ખેતરમાં વર્મીકમ્પોસ્ટનો ઉપયોગ કરે છે અને દર વર્ષે બમ્પર ઉત્પાદન મેળવે છે. પહેલા વર્ષ દરમિયાન ઉત્પાદન ઓછું હતું, પરંતુ આગલું વર્ષ સારું હતું. વર્ષ 2024 દરમિયાન રૂપિયા 70,000 જેટલા ગુલાબ વેચ્યા. તેઓએ જણાવ્યું કે, જ્યારે સિઝન હોય ત્યારે હું આ ફાર્મમાંથી 25 કિલો ગુલાબ ઉતારું છું. કાશ્મીરી ગુલાબનું ઉત્પાદન વર્ષમાં લગભગ રૂપિયા 2 લાખ જેટલું થાય છે જે આજુબાજુના ગામડા જેવા કે તવરા, વાઘોડિયામાં તેનું વેચાણ થાય છે. બાગાયત વિભાગ દ્વારા ખેડૂતોને ગુલાબના વાવેતર માટે હેક્ટર દીઠ સબસિડી આપવામાં આવે છે. જેમાં તેમને રૂપિયા 12,000ની સબસિડી મળી છે.

# નડિયાદ મનપા 159 દિવસ બાદ પોતાની વેબસાઈટ બનાવી શકી નથી

**ઓનલાઈન સર્ચ કરતા કલેક્ટરની સાઈટમાં નડિયાદ પાલિકાની પ્રાથમિક માહિતીનું પેજ ખૂલે છે**

નડિયાદ : કેન્દ્ર અને રાજ્ય સરકાર ડિઝીટલાઈઝેશનને પ્રાધાન્ય આપી રહી છે. વડાપ્રધાને ડિઝીટલ ઈન્ડિયાને ડ્રીમ પ્રોજેક્ટ બનાવ્યો છે. નડિયાદ મહાનગરપાલિકામાં ડિઝિટલ ઈન્ડિયા અને ગુજરાતની વાતો સાવ પોકળ સાબિત થઈ રહી છે. પાલિકામાંથી નડિયાદ મહાપાલિકા બન્યાના ૧૫૯ દિવસ પૂર્ણ થયા બાદ હજુ સુધી મનપાના અધિકારીઓ સત્તાવાર વેબસાઈટ બનાવી શક્યા નથી.




તત્કાલિન નડિયાદ નગરપાલિકા ડિઝીટલ કામગીરી બાબતે સાવ જ નિષ્ફળ રહી હતી. પોતાની સત્તાવાર વેબસાઈટ પર ક્યારેય અપડેટ કરવાની તસ્દી લીધી નહોતી. ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરવાની પણ કોઈ સુવિધા નહોતી. ત્યારે ૧ જાન્યુઆરીથી તો નડિયાદ મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવી છે. મનપા બન્યાને આજે ૧૫૯ દિવસ પૂરા થશે. છતાં મનપાના કમિશનર સહિતના સબંધિત ઉચ્ચ અધિકારીઓએ નડિયાદ મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઈટ ડેવલપ કરવાની તસ્દી લીધી નથી. હજુ સુધી નડિયાદ મહાનગરપાલિકાની કોઈ સત્તાવાર વેબસાઈટ બનાવી ના હોવાથી ઓનલાઈન સર્ચ કરતા તે અંગે કોઈ જ માહિતી મળતી નથી. ઓનલાઈન નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કે નડિયાદ મહાનગરપાલિકા સર્ચ કરતા તેમાં જિલ્લા કલેક્ટર કચેરીનું સત્તાવાર પેજ ખુલે છે. જે પેજમાં તત્કાલિન નડિયાદ નગરપાલિકાની પ્રાથમિક વિગતો અને સંપર્ક નંબર અને ઈ-મેલ એડ્રેસ જોવા મળે છે.

૧ જાન્યુઆરી, ૨૦૨૫થી નડિયાદ મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ પ્રશાસન દ્વારા તુરંત જ 'એક્સ' (ટ્વીટર) પર તત્કાલિન નડિયાદ નગરપાલિકાના એકાઉન્ટનું નામકરણ કરી નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એનએમસી) કરી દેવાયું હતું. તા. ૩ જાન્યુઆરી, ૨૦૨૫થી તેના પર અધિકારીઓની સક્રિયતા દર્શાવવાના પ્રયાસ શરૂ થઈ ગયા હતા. જેમાં માત્રને માત્ર અધિકારીઓ દ્વારા સ્થળ મુલાકાત લેવાય અથવા તો કોઈ કાર્યક્રમ કરાય, તેની વાહવાહી લૂંટવા અને મનપાની મહત્વની જાહેરાતો માટે સક્રિયતા દાખવવામાં આવી રહી છે.

# વડોદરાના વિવિધ તળાવોમાંથી 980 મેટ્રિક ટન વેલા તથા અન્ય ઘન કચરો કાઢી સ્વચ્છ કરવાની ઝુંબેશ

વડોદરા શહેરમાં નાગરિકોની સુખાકારી અને જાહેર હિતમાં નાગરિકોના પ્રશ્નો અને તેના નિકાલ માટે સતત પાલિકા કાર્યરત છે. મ્યુનિ. કમિશનર અરૂણ મહેશ બાબુના સુચન અને માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગો દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. પાલિકાના સોલિડ-વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા સ્વચ્છ ભારત મિશન 2.0 અર્બન અંતર્ગત શહેરનાં તમામ તળાવો-કાંસની સઘન સફાઈની કામગીરી હાથ ધરાવવામાં આવેલ છે.



પશ્ચિમ ઝોનમાં આવેલ બીલ, અટલાદરા, ભીમનાથ, દશામાં, સુભાનપુરા, વાસણા, ભાયલી, ગોત્રી, તાંદલજા, સવૈયાનગર, મહીસાગર, ગોરવા, બોરિયા, કરોળિયા, ઉંડેરા, લક્ષ્મીપુરા (સ્મશાન પાસે), લક્ષ્મીપુરા (ગામ પાસે), સેવાસી તળાવો ઉત્તરઝોનમાં આવેલ લાલબાગ તળાવ, દક્ષિણ ઝોનમાં આવેલ ઘાઘરેટીયા, કપુરાઈ, દંતેશ્વર, વડસર, તરસાલી, કોતર તલાવડી, માણેજા ગામ, માંજલપુર કંચન ભગત, મસિયા, વાંસ, જીજીમાતા, દુધિયા, વડદલા અને પૂર્વ ઝોનમાં આવેલ ખોડિયાર નગર તળાવ, હરણી તળાવ, કમલાનગર તળાવ, સયાજીપુરા તળાવ, શ્રીજીવિલ્લા તળાવ, નાની બાપોદ તળાવ, મોટી બાપોદ તળાવ, સરસિયા અને અજંતા તળાવ, પટેલપાર્ક પાસેનું તળાવ, સિંધુ સાગર તળાવ, સુરસાગર તળાવ, મહાદેવ તળાવમાંથી વેલા તથા અન્ય ઘન કચરો દૂર કરી તળાવો સ્વચ્છ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તમામ તળાવોમાંથી કુલ 980 મેટ્રિક ટન વેલા તથા અન્ય ઘન કચરો કાઢી તળાવો સ્વચ્છ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે

# નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈએ એર કેશના મૃતકોના પરિવારજનોની મુલાકાત લીધી



અમદાવાદમાં થયેલી પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ખેડા જિલ્લાના 17 મુસાફરોએ જીવ ગુમાવ્યા છે. આ દુર્ઘટનામાં નડિયાદ અને આસપાસના વિસ્તારમાંથી 5 લોકોનો સમાવેશ થાય છે. નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈએ પોતાના વિસ્તારમાં વસતા મૃતકોના પરિવારજનોની મુલાકાત લીધી છે. મૃતકોમાં નડિયાદના પવાર મહાદેવ તુકારામ અને તેમના પત્ની આશાબેન મહાદેવ, પટેલ હિના સૌરભકુમાર, પટેલ રૂપલબેન પીનલ તેમજ રાજનગરના પટેલ પ્રેક્ષા અજયભાઈનો સમાવેશ થાય છે. ધારાસભ્ય દેસાઈએ તમામ પરિવારજનોને સાંત્વના પાઠવી અને દુઃખમાં સહભાગી થયા છે. ધારાસભ્યએ સદગતોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# કોર્પોરેટર અને સમાજ સેવક ડો. રાજેશ શાહ દ્વારા સેવાકાર્ય, 800થી વધુ માતાઓને અનાજ કીટ વિતરણ કર્યું

વડોદરા મહાનગરપાલિકાના કોર્પોરેટર અને સમાજ સેવક ડો રાજેશ શાહ દ્વારા શહેરના સમા ઘટક 10 આંગણવાડી, મંગલ પાંડે રોડ, વડોદરા ખાતે તેઓના દત્તક વિસ્તાર ખાતે કમિશનર અરુણ મહેશ બાબુના હસ્તે પંડિત દીનદયાળ કિતાબ ઘરની મુલાકાત, 15 સગર્ભા અને ધાત્રી માતાઓને અનાજની કીટ, આંગણવાડી બાળકોન માટેના કોમ્પ્યુટરનું અવલોકન, બાળકો માટે સ્કૂલ બેગ, ડ્રોઈંગ બુક, કંપાસ બોક્સ આપીને બધાનો ઉત્સાહ વધાર્યો હતો.



આ પ્રસંગે કમિશનરે જણાવ્યું હતું કે, માતાએ અને બાળકોએ કિતાબ ઘરનો ઉપયોગ કરીને "તંદુરસ્ત માતા - તંદુરસ્ત બાળક માટે ઉપયોગી યોગદાનની વાત કરી હતી, બાળકો દ્વારા "વંદે માતરમ" ની ઘોષણાશક્તિ ને પણ તેઓએ આવકારી હતી. આંગણવાડીમાં બાળકના ભણતર અને ગણતર બાબતે પણ માર્ગદર્શન આપ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યાદ કરીને વડોદરાની નારી શક્તિનો પણ તેઓએ ઉલ્લેખ કર્યો હતો. આમ તેઓને મુલાકાતથી સમગ્ર આંગણવાડી અને વિસ્તારના વાતાવરણમાં ખૂબ જ સકારાત્મકતા આવી હતી. બધાએ કમિશનરનું અભિવાદન કરી આભાર વ્યક્ત કર્યો હતો. આંગણવાડી ખાતે આજસુધી ડો રાજેશ શાહ, વિક્રમભાઈ અને સેવાભાવી મિત્રો દ્વારા વોર્ડ 3 માં કુલ 810 માતાઓને અનાજ કીટ વિતરણ કરવામાં આવી છે.

ગુજરાતની ત્રણ યુનિવર્સિટીના સંશોધકોએ સાથે મળીને સૌર ઉર્જાથી પાણી શુદ્ધ થાય તેવું ડિવાઈસ તૈયાર કર્યું છે.

**વડોદરાની સ્થાયી સમિતિની બેઠકમાં ઠરાવ**

# અમદાવાદમાં પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પરિવારજનોને પ્રાર્થના સભા માટે VMC વિનામૂલ્યે અતિથી ગૃહ આપશે

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં વડોદરા શહેરનાં મૃત્યુ પામેલા વ્યક્તિઓના પરિવારજનોને પ્રાર્થના સભા, બેસણાં માટે અતિથિગૃહ, કોમ્યુનિટી વિનામુલ્યે આપવામાં આવશે. આ ઠરાવ શુક્રવારે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં પસાર કરવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિના અધ્યક્ષ ડો. શીતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ સમક્ષ વિવિધ વિભાગોની કુલ 8 કામોની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. શુક્રવાર, તા. 13 જૂને મળેલી બેઠકમાં આ તમામ દરખાસ્તોને સર્વાનુમતે મંજૂર કરવામા આવી છે. બેઠક શરૂ થતા પહેલાં અમદાવાદમાં બનેલી દુઃખદ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને સ્થાયી સમિતિ સભ્યોએ બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

અમદાવાદની ઘટનાને પગલે સ્થાયી સમિતિની બેઠકમાં કોઈપણ વિવાદ વગર પૂર્ણ થઈ હતી. મંજૂર કરાયેલા કામોમાં પૂર્વ ઝોનમાં સિવિલ કામો, રસ્તા સુધારણા, વરસાદી ચેનલ, ઝાડોની કાપણી, ઢોર ડબ્બાની સંભાળ તેમજ ઝુના પ્રાણીઓ માટે ચારો ખરીદીના કામોનો સમાવેશ થાય છે. સાથે સાથે કેટલાક જૂના કન્સલ્ટન્ટના કરાર પૂર્ણ થતાં નવી એજન્સીઓની નિમણૂક કરવા માટેની દરખાસ્તને મંજૂર કરાઈ છે.

# બે-ત્રણ જણા પડશે, વાગશે પછી જ ખાડો રિપેર થશે : લિ. નડિયાદ મહાપાલિકા

નડિયાદ : નડિયાદ શહેરમાં પારસ સર્કલ પાસે પડેલા મોટા ભૂવા આગળ આજે બેનર મૂકીને વિરોધ કરવામાં આવ્યો હતો. મનપા વિસ્તારમાં તમામ રોડ રસ્તાના સમારકામની માંગણી સાથેની લેખિત રજૂઆત મનપાના કમિશનરને કરાઈ છે.




નડિયાદ નગરપાલિકાનું મહાનગરપાલિકામાં રૂપાંતર થયા બાદ પણ તંત્રની કામગીરી પર પ્રશ્નો ઉઠી રહ્યા છે. જેમાં નડિયાદ શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા માર્ગોની હાલત કથળતા નગરજનોને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. એક તરફ સરકાર દ્વારા નવા રોડ રસ્તા પાસ કરવામાં આવી રહ્યા છે. પરંતુ બીજી તરફ જૂના રસ્તાઓમાં પડેલા ખાડાઓ બાબતે કોઈ કામગીરી કરવામાં આવી નથી. નડિયાદના હાર્દસમા એવા પારસ સર્કલ પાસે છેલ્લા ઘણા દિવસોથી એક મોટો ખાડો પડયો છે. જેને લઈને નડિયાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા 'બે-ત્રણ લોકો પડશે, વાગશે પછી જ ખાડો રિપેર થશે - લિ. નડિયાદ મહાનગરપાલિકા' તેવા લખાણ સાથે બોર્ડ મૂકી વિરોધ કરાયો છે. હાલમાં ખાડા આગળ લાલ પાટિયા મૂકીને કોર્ડન કરાયો છે. પરંતુ નડિયાદ મહાનગરપાલિકાના બેદરકાર તંત્ર દ્વારા આ ખાડો પુરવાની તસ્દી લેવામાં આવી નથી. ત્યારે મનપા વિસ્તારમાં તમામ રોડ રસ્તાના સમારકામની માંગણી કરતી રજૂઆત કરાઈ છે.

# વડોદરા શિક્ષણ સમિતિના એસેસમેન્ટ વિભાગમાં પાણીના ધાંધિયા : વેચાતું પાણી મંગાવાય છે

વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર તેઓ અમદાવાદ પહોંચી ગયા છે અને શહેરીજનોને વિવિધ વિસ્તારમાં પીવાનું પાણી પૂરું પાડવામાં ઉણુ ઉતર્યું છે. ત્યારે પાલિકાની કચેરીમાં પણ પાણીના જગ અને પાણીના ટેન્કર મંગાવવા પડે છે ત્યારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કચેરીમાં પણ છેલ્લા કેટલાય સમયથી પીવાના પાણીના ધાંધિયા થઈ રહ્યા હોવાથી બહારથી જગ મંગાવાવાની ફરજ પડે છે.

ઉલ્લેખનીય છે કે શહેરનો વિસ્તાર વ્યાપ વધતાં પાલિકા તંત્ર શહેરીજનોને નિયમિત પાણી આપવામાં ઉણું ઊતર્યું છે. લોકોને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળતું નહીં હોવાના આક્ષેપો થાય છે. જ્યારે બીજી બાજુ પાલિકા કચેરીમાં પણ પીવાના પાણીના કુલર હોવા છતાં પીવાના પાણીનો અભાવ સતત રહ્યા કરે છે. પરિણામે પાલિકા તંત્રને પીવાના પાણીના જગ બહારથી મંગાવવાની ફરજ પડે છે. આ ઉપરાંત પાણીના ટેન્કર પણ બહારથી મંગાવવા પડે છે.

દરમિયાન પાલિકા કચેરીથી માત્ર 300 મીટર દૂર આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કચેરીના એસેસમેન્ટ વિભાગમાં પણ પીવાના પાણીના છેલ્લા કેટલાય વખતથી ધાંધિયા ચાલી રહ્યા છે.









# શિફા ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનું કાર્યક્રમ યોજાયો





વડોદરા શહેરની શિફા ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા દ્વારા વાડી ખાતે બવાહિર હોલમાં ધોરણ 10 અને ધોરણ 12 ના 50 ટકા થી વધુ માર્ક લાવનાર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ એવા 750 બાળકોને ઈનામ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા જેમાં ઓપરેશન સિંદૂરના બાહોશ અને જાબાજ ના માનનીય સભ્ય સોફિયા કુરેશી ના પિતા શ્રી તાજ મોહમ્મદ કુરેશી અને એમના ભાઈ શ્રી સંજય કુરેશી સાથે બોરીવલી મુંબઈ થી પધારેલા શ્રી મહેન્દ્રભાઈ વસાણી સાહેબ સાથે પીરે તરીકત રફાઈ સાહબના સજાતા નસીન મોઈનુદ્દીન રિફાઈ ઉર્ફે નિયર બાબા નાઓ સાથે મધ્ય ગુજરાતના મુસ્લિમ સમાજના પ્રમુખ શ્રી કરીમભાઈ મલેક સાહેબનાઓ તથા માજી ડેપ્યુટી મેયર ચિરાગ શેખ સાહેબ અને અન્ય મહાનુભવો હાજર રહ્યા હતા. એ સાથે વડોદરા શહેરની 18 હાઈસ્કૂલ ના પ્રિન્સિપાલ નાઓને ટ્રોફી અને સાલ ઓળાવી સન્માનિત કરવામાં આવ્યા . તેમજ આ મહાનુભવો દ્વારા પ્રિન્સિપાલોને ટ્રોફી આપી અને બધા વિદ્યાર્થીઓને ઈનામ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા. તે વખતે વિભાજરે ટેબલ ટ્રસ્ટના પ્રમુખ મોહમ્મદ હુસેન શેખ ઉર્ફે જોની ભાઈ, અયુબ ભાઈ સકાવાળા ઈકબાલ સૈયદ ઈકબાલ મલેક, નઈમ મલેક, જાકીર જાકીર શેખ, અને એડવોકેટ જુનેદ સૈયદ હાજર

# ગુજરાતના 7 જિલ્લાના 825 કેન્દ્રો પર LRDની પરીક્ષા પૂર્ણ

## પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે 2.37 લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી, કહ્યું- 'તૈયારી કરનારા માટે પેપર ઘણું સરળ હતું'

ગુજરાત રાજ્ય પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક દળ કેડરની કોન્સ્ટેબલની 12 હજાર જગ્યા માટે આજરોજ રાજ્યના 7 જિલ્લા- અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગરમાં પરીક્ષા લેવાઈ હતી. કુલ 2.48 લાખ જેટલા ઉમેદવારો ફોર્મ ભર્યા હતા. જેમાંથી 2.37 લાખ ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક પરીક્ષામાં ભાગ લીધેલ છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, આણંદ અને ગાંધીનગર સહિત 825 કેન્દ્ર-શાળા ખાતે પરીક્ષા યોજાઈ હતી. વહેલી સવારથી જ ઉમેદવારો પરીક્ષા કેન્દ્ર પર પહોંચી ગયા હતા. જ્યા બાયોમેટ્રિક અને સ્કેનિંગ કરી પ્રવેશ અપાયો હતો. પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પૂર્ણ થઈ હતી. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, તૈયારીઓ કરનારા માટે પેપર ઘણું સરળ હતું.વડોદરામાં 119 પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓનો પ્રવેશ શરૂ. 43 રૂટ દ્વારા તમામ સેન્ટર પર પેપર પોહચાડવમ આવ્યાં. 1190 બ્લોકમાં પરીક્ષા. 35 હજાર પરીક્ષાર્થીઓની આજે પરીક્ષા આપશે. સેન્ટરો પર ચકાસણી માટે લાંબી લાઈનો લાગી

# સ્નાતક મહિલાઓ માટે એપ્રેન્ટીસ અને રોજગારીની ઉત્તમ તક

## વડોદરામાં 17 જુને મહિલાઓ માટે વિશેષ એપ્રેન્ટીસ અને રોજગાર મેળો, 50 જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ લેવાશે

મોડેલ કરીઅર સેન્ટર, મદદનીશ નિયામક રોજગાર કચેરી વડોદરા અને રીલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યુરન્સ , ફેસ ટુ ફેસ ચેનલ વડોદરા 2 શાખાના સંયુકત ઉપક્રમે તારીખ 17 જૂન, 2025 મંગળવારના રોજ સવારે 10 કલાકે 302-એટલાન્ટીસ હાઈટ્સ, સારાભાઈ કંપાઉન્ડ, ગેંડા સર્કલ,વડોદરા ખાતે 21થી 45 વર્ષની મહિલા ઉમેદવારો માટે વીમા ક્ષેત્ર માટે એપ્રેન્ટીસ અને રોજગાર મેળાનું આયોજન કરવામા આવ્યું છે. 21થી 30 વર્ષની સ્નાતક મહિલાઓને ભારત સરકારની એપ્રેન્ટિસ યોજના હેઠળ એપ્રેન્ટીસ તરીકે જોડાવા તેમજ 30થી 45 વર્ષની મહિલા સ્નાતકને વીમા ક્ષેત્રમાં રોજગારી માટે તક આપવામા આવશે .

ભરતી મેળામા લાઈફ પ્લાનિંગ ઓફિસર સેલ્સ અને માર્કેટિંગની કુલ 50 જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ લેવામાં આવશે. આ માટે ગ્રેજ્યુએટ મહિલા ઉમેદવારો કે જેમની ઉંમર 21થી 45 વર્ષની વચ્ચે હોય તેઓને રીઝ્યુમ સાથે સ્વખર્ચે હાજર રહેવા જણાવવામા આવે છે.

# વડોદરાના 6 હતભાગી પ્રવાસીઓના નશ્વર દેહ પરિજનોને સોંપાયા

## તંત્રના નિયુક્ત અધિકારીઓ પાર્થિવ દેહની સોંપણીથી અંતિમ સંસ્કાર પૂર્ણ થવા સુધી મૃતકોના પરિજનોની સાથે સહાનુભૂતિપૂર્વક ખડેપગે રહ્યા

અમદાવાદ ખાતે થયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દિવંગતોના પરિજનોના DNA સેમ્પલ મેચ થયા બાદ નશ્વર દેહને સોંપવાની કામગીરી ચાલી રહી છે. આ દુર્ઘટનામાં વડોદરાના 28 હતભાગી યાત્રિકો પૈકી 6 પાર્થિવ દેહની ઓળખ થતા આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ તંત્ર તરફથી તેમના પરિજનોને સોંપવામાં આવ્યા હતા. DNA સેમ્પલિંગની પ્રક્રિયાથી લઈને પાર્થિવ દેહ સોંપવાની અને અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધીની તમામ ક્રિયાઓમાં જિલ્લા વહીવટી તંત્રના નિયુક્ત અધિકારીઓ મૃતકોના પરિજનો સાથે સહાનુભૂતિપૂર્વક ઊભા રહ્યા હતા.

DNA સેમ્પલ મેચ થતા જ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી આજ સુધી વડોદરાના 6 હતભાગી પ્રવાસીના સ્વજનોને ફોન કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રએ કરેલી વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે નિયુક્ત અધિકારીઓ મૃતકના સ્વજનો સાથે મૃતદેહ લેવા માટે ગયા હતા. આ દરમિયાન પ્રત્યેક પાર્થિવ દેહને લાવવા માટે 108 એમ્બ્યુલન્સ, પોલીસની બે ગાડી તેમજ મૃતકના સ્વજનો માટે એક અલાયદી ગાડીની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાર્થિવ દેહની સાથે જ મૃતકના સ્વજનને પોસ્ટમોર્ટમ રિપોર્ટ, મૃત્યુ પ્રમાણપત્ર તેમજ અન્ય કાયદાકીય કાર્યવાહી માટેના જરૂરી તમામ દસ્તાવેજો એક ફાઈલમાં તૈયાર કરીને હોસ્પિટલ તંત્ર દ્વારા સુપરત કરવામાં આવ્યા હતા.

આ દુ:ખદ સમયે રાજ્ય સરકાર મૃતકોના પરિવારોની સાથે છે અને શક્ય તમામ મદદ કરવા માટે કટિબદ્ધ છે. ત્યારે મૃતકોના પરિજનોએ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રએ કરેલી વિશેષ વ્યવસ્થા અને સંવેદના પ્રત્યે સંતોષભાવ વ્યક્ત કર્યો હતો. મૃતદેહોની ઓળખ થયેથી પાર્થિવ દેહને સ્વ-ગૃહે પરત લાવવાની અને ત્યારબાદ અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધી કરવામાં આવેલી સંવેદનશીલ વ્યવસ્થાથી મૃતકોના સ્વજનોને થોડી પણ તકલીફ ન પડે તેનું તંત્ર દ્વારા વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું,



અમદાવાદ ખાતે વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા વડોદરાના પ્રવાસીઓના પરિજનોના સંપર્કથી લઈને પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધીની તમામ સંપૂર્ણ વ્યવસ્થા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 21 લાયઝન અધિકારીઓ અને 22 તબીબી અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. આ ઉપરાંત મૃતકના સગા-સંબંધીઓની વ્યવસ્થા તેમજ સુવિધા માટે વડોદરા જિલ્લાના 4 અધિકારીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે કામગીરી સોંપવામાં આવી છે.

અત્યાર સુધીમાં સ્વ. કલ્પનાબેન, સ્વ. અંજુબેન, સ્વ. અલ્સીન બેન અને સ્વ. નરેન્દ્રભાઈ તથા સ્વ. ઉષાબેનના દેહ તેમના પરિવારને સોંપાયા છે. સ્વ. વલ્લભભાઈ અઘેરાની ઓળખ થઈ ગઈ છે પણ તેમના પત્નીની બાકી છે. સાંસરોદ ના પરિવાર સાથે જોડાયેલા સ્વ. અલ્તફભાઈનો મૃતદેહ લઈ તેમના પરિવારજનો ભરૂચ ગયા છે. લાવનિયા દંપતીના DNA મેચ થઈ જતા તેઓ કાલ સોમવાર સવારે દેહ સ્વીકારી અંતિમવિધિ કરશે. આમ કુલ 9 વ્યક્તિની ઓળખ સ્થાપિત થઈ ગઈ છે, તેમાંથી 6 દેહ સોંપાયા છે.

# આજવા સરોવર સહિત વિવિધ સ્થળે પૂરની સ્થિતિમાં પાણી પ્રવાહની ઝડપ માપવા વેલોસીટી મીટરો મુકાશે

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજવા સરોવર સહિત વિવિધ સ્થળે ચોમાસામાં પૂરની સ્થિતિમાં પાણીના પ્રવાહની ઝડપ અને તીવ્રતા કેટલી છે તે માપવા માટે વેલોસીટી મીટર મુકવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ચોમાસાને ધ્યાનમાં રાખીને આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. તાજેતરમાં સ્ટેન્ડિંગ સમિતિ દ્વારા 2.52 કરોડના ખર્ચે આજવા 62 દરવાજા, કોદર વાયા, ઉજેટી રેડિયલ ગેટ, જોડિયા ગેટ, આસોજ ફીડર, વિશ્વામિત્રી રેડિયલ ગેટ, વિશ્વમિત્રી જુના ગેટ, હાસાપુરા વેસ્ટ વીયર અને મુંઢેલા વેસ્ટ વીયર ખાતે આ વેલોસીટી મીટર મૂકવામાં આવનાર છે. આજવા 62 દરવાજા ખાતે બે મીટર મુકાશે. હાલ આજવા સહિત વિવિધ સ્થળે 15 અર્લી



વોર્નિંગ સિસ્ટમ માટે 15 સેન્સર મુકેલા છે. આજવા સરોવરના ઉપરવાસમાં પડતાં વરસાદની આવક મુજબ આજવા સરોવરના 62 દરવાજા તથા તેના ઉપરવાસમાં આવેલા વિવિધ દરવાજા તથા વેસ્ટવીયર ખાતે વરસાદમાં પાણી પ્રવાહની ગતિ કે ફલો માપી શકાય તે મુજબની કોઈ વ્યવસ્થા નથી. હાલ સ્થળ પર લગાડેલ લેવલ ગેજની મદદથી મેન્યુલ ગણત્રી કરી પાણીનો પ્રવાહ માપવામાં આવે છે. અગાઉ આજવા ડેમ તથા સરોવર ખાતેની વિઝીટ દરમ્યાન પાણીના પ્રવાહની ગતિ તથા જથ્થો માપવાના સાધનો રાખવા, રીલીફલેવલના લેવલ માપવા અર્થે આધુનિક મીકેનાઈઝડ વ્યવસ્થા કરવા સૂચવ્યું હતું. વેલોસીટી મીટર મૂકવાથી આજવાથી નદીમાં છોડાતા પાણી એક સ્થળેથી બીજા સ્થળે પહોંચતા કેટલી વાર લાગશે કેટલી ઝડપથી પાણી છોડાય છે તેનો અંદાજ મેળવીને પુર લક્ષી કામગીરી કરી શકાશે.

# પાલિકાના 4 કાર્યપાલક ઈજનેર, 6 ના.કા.ઈ સહિત 16 ઈજનેરોની સાગમટે બદલી કરાઇ

પાલિકાના વિકાસના કામોમાં સંકલનનો અભાવ અને સિનિયર ઈજનેરો પહેલા જુનિયર ઈજનેરોને સોંપાયેલી જવાબદારીના કારણે થયેલા વિવાદ બાદ મ્યુનિ. કમિશનરે એકી સાથે 16 ઈજનેરોએ બદલી કરી વધારાના ચાર્જ સોંપ્યા છે. બીજી તરફ વિવાદમાં નામ ઉછળતા ઈજનેરો પાસેથી ખાતા લઈ લેવાયા છે.

મ્યુનિ. કમિશનર અરુણ મહેશ બાબુએ 4 કા.ઈની બદલી સાથે વધારાના ચાર્જ સોંપ્યા છે. ધાર્મિક દવેને રોડ પ્રોજેક્ટનો વધારાનો ચાર્જ સોંપી બ્રિજ પ્રોજેક્ટ અને ટ્રાફિકની ફરજોમાંથી મુક્ત કર્યા છે. રાજેન્દ્ર વસાવાની ફયુચરિસ્ટિક સેલ, સેન્ટ્રલ સ્ટોર, હેરિટેજ સેલ, અને પશ્ચિમ ઝોન (વોર્ડ 8-9)ની જવાબદારી હતી. હેરિટેજ કન્ઝર્વેશનનો કા.ઈ તરીકે સ્વતંત્ર હવાલો સંભાળવાનો રહેશે. હરિતીમા શર્મા પાસે વરસાદી ગટરનો ચાર્જ છે. ફયુચરીસ્ટિક પ્લાનિંગ સેલની જવાબદારી રાજેન્દ્ર વસાવા પાસેથી લઈ હરિતિમાં શર્માને સોંપાઈ છે. વરસાદી ગટરમાં પશ્ચિમ-દક્ષિણ ઝોનની કામગીરી સોંપાઈ છે. કાર્યપાલક ઈજનેર તરીકે ઉત્તર ઝોન સાંભળતા પ્રશાંત જોશીને બ્રિજ પ્રોજેક્ટનો વધારાનો હવાલો સોંપયો છે.

નાયબ કા.ઈ મહેશ વણકરને ડ્રેનેજ પ્રોજેક્ટ સાથે વરસાદી ગટર(ઉત્તર-પૂર્વ), ભાર્ગવ પંડિતને નાકાઈ તરીકે ઝોન તથા વોર્ડ 13માંથી મુક્તિ અપાઈ છે. રોડ પ્રોજેક્ટમાં હ.કા.ઈ તરીકે પશ્ચિમ-દક્ષિણ જોતા હેતલ રૂપાપરાને વોર્ડ 13ના નાકાઈ તરીકે કામ સોંપાયું છે. નાકાઈ જતન બધેકાને પાણી પુરવઠા, એનર્જી એફિઝિયન્ટ સેલ, પ્લેનેટેરિયમની જવાબદારી, નાકાઈ (મિકે) આલોક શાહે રોડ પ્રોજેક્ટ શાખા, હોટ મિક્સ પ્લાન્ટ અને પાણી પુરવઠા વિતરણ ઉત્તર ઝોન જોવું પડશે. નાકાઈ (મિકે.) યોગેશ વસાવા પાસેથી પાણી પુરવઠા ઉત્તરની જવાબદારી લઈ હોટ મિક્ષ પ્લાન્ટની ફરજો સોંપાઈ છે.

# રોડ બનાવવાના નામે ડામર પર ડામર પાથરવાની કામગીરી લોકોની મુશ્કેલી વધારશે

વડોદરાઃ ચોમાસુ માથા પર છે પરંતુ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસકોએ શહેરમાં નવા રોડ બનાવવાના નામે પહેલેથી બનેલા રોડ પર ડામર પાથરવાનું ચાલું જ રાખ્યું છે અને તેના કારણે પાણી ભરાવવાનો ખતરો ઓર વધી ગયો છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં કોર્પોરેશનના ભ્રષ્ટ શાસકોએ કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી શહેરમાં રોડ બનાવવાના નામે ડામરનું કાર્પેટિંગ કરીને મોટાભાગના વિસ્તારોમાં રોડના લેવલ રસ્તાની બંને તરફની સોસાયટીઓ, કોમ્પ્લેક્ષો અને દુકાનો કરતા ઉપર લાવી દીધા છે.જેના કારણે શહેરમાં પાણી ભરાવાની સમસ્યા વધી ગઈ છે.આમ છતા કોર્પોરેશનના શાસકો અટકવાનું નામ નથી લઈ રહ્યા.શહેરના કેટલાક રસ્તાઓ પર તો હવે ડિવાઈડર અને રસ્તાનું લેવલ એક થઈ ગયેલું જોવા મળે છે.



છેલ્લા એક મહિનામાં જીવન ભારતી ચાર રસ્તાથી બુધ્ધ દેવ કોલોની જવાના રોડ પર, કારેલીબાગ જૈન દેરાસરથી આમ્રપાલી કોમ્પલેક્ષ જવાના રોડ પર, સંગમ ચાર રસ્તા પર, વારસીયા રિંગ રોડથી વારસિયા વિસ્તાર તરફ જવાના રસ્તા પર રોડ બનાવવાના નામે રાતોરાત કાર્પેટિંગ કરી દેવાયું છે.જેના કારણે આ રોડનું લેવલ પહેલા કરતા ઉચું આવી ગયું છે.સંગમ ચાર રસ્તા પર તો બે દિવસ પહેલા જ જ્યાં ચાર રસ્તા ભેગા થાય છે ત્યાં ડામર પાથરી દેવાયો છે.જેના કારણે ચાર રસ્તાનો એક હિસ્સો ઉપર આવી ગયો છે.અહીંયા પહેલા કરતા પણ વધારે પાણી ભરાય તેવો ડર વ્યક્ત થઈ રહ્યો છે. એકલ દોકલ કિસ્સાને બાદ કરતા પ્રજાએ વિરોધ કરવાની શક્તિ ગુમાવી દીધી હોવાથી શાસકો શહેરને બરબાદ કરવામાં કોઈ કસર બાકી રહ્યા નથી.

# ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીનો અભ્યાસના ટેન્શનમાં આપઘાત

વડોદરા,ધો.૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા ૧૭ વર્ષના વિદ્યાર્થીએ ભણવાના ટેન્શનમાં ઘરે ગળા ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જે અંગે હરણી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હરણી વિસ્તારમાં રહેતા અને મિકેનિકલ પાર્ટ્સનો બિઝનેસ કરતા વેપારીનો ૧૭ વર્ષનો પુત્ર ધો.૧૨ સાયન્સમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતો હતો. ધો. ૧૦ માં તેના ૯૭ ટકા આવ્યા હતા. જેથી, ધો. ૧૨ માં વધારે તૈયારી કરી સારા માર્ક્સ લાવવા માટે પરિવાર દ્વારા તેને કહેવામાં આવતું હતું. અભ્યાસના ટેન્શનમાં તે છેલ્લા બે દિવસથી ટેન્શનમાં રહેતો હતો. ગઈકાલે ટ્યુશનથી ઘરે આવ્યા પછી તે સ્ટડી રૂમમાં જતો રહ્યો હતો. થોડીવાર પછી તેના પિતા રૂમમાં ગયા ત્યારે તેમનો પુત્ર ફાંસો ખાધેલી હાલતમાં લટકતો હતો.




વોઇસ ઓફ વડોદરા ન્યૂઝ પેપરના તંત્રશ્રી અને સમગ્ર ટીમ અમદાવાદ પ્લેન ક્રેશના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે અને તેમના પરિવારજનોની સંવેદના સાથે સમગ્ર દેશ છે.

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
મહારાણી ગર્લ્સ હાઈસ્કુલ પાસે, કપ્તાન ફળિયા, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧.
NABH Accredited
સિટી એરિયાનું એકમાત્ર સુસજ્જ ઓપરેશન થિયેટર અને આઈ.સી.યુ. ની સુવિધા ધરાવતું હોસ્પિટલ
ઓ.પી.ડી., આઈ.સી.યુ., દાઝેલા માટે સ્પે. સારવાર, સુસજ્જ ઓપરેશન થીયેટર, ડાયાલીસીસ વિભાગ, ૨૪×૭ તાત્કાલિક સારવાર, એક્ષ-રે વિભાગ, ફિઝીઓથેરાપી, ફાર્મસી, લેબોરેટરી ૨૪ કલાક, એમ્બ્યુલન્સની સુવિધા, આરોગ્યપ્રદ આહારની સુવિધા
(0265) 2432100 72260 15001 (ICU) 72260 15002 (ઈમરજન્સી)

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
HOPE • LIVES • HERE
એપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત છે. એપોઈન્ટમેન્ટ લીધા વગર આવવું નહી.
આ કુપન એક જ વ્યક્તિ માટે માન્ય છે તથા પહેલી વખત આવો ત્યારે જ વાપરી શકાય.
HEALTH COUPON
Free RBS
Free BP Check-up
Free BMI
Free Consultation
દાખલ ચાર્જ અને સર્જીકલ ચાર્જ ઉપર ૧૫% ડિસ્કાઉન્ટ
Behind Maharani Girl's High School, Kaptan Faliya, Raopura, Vadodara-390001.
Ph.: (0265) 2432100 M.: 72260 15001 (ICU) / 72260 15002 (Reception)
Email : siddhimultispecialityhospital@gmail.com

EDITOR- PRINTER-PUBLISHER & OWNER BY : GHADHIYALI MUMTAZ NISARMAHENDI PRINTED BY : HIMALI GRAPHICES & PRINTING PRESS MANOHAR CHOWK,VACCHEVAD NADIAD 387001. GUJARAT, INDIA. PUBLICATION BY : A-15, RAJIV AAVASH, NEAR J.P. POLICE STATION, TANDALJA, VADODARA-390012 , DIST, GUJARAT,
*RESPONSIBLE FOR SELECTION OF NEWS UNDER PRB .ACT N EDITOR : GHADIYALI MUMTAZ NISARMAHENDI.